# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ દીપ પરબ્રહ્મનાં જોડ્યું તેજ આધ્યાત્મિક ફલાહ.








## નૂતન વર્ષાભિનંદન

વર્ષ ૫૧, અંક : ૧૦, તા.૨૧મી ઑક્ટોબર, ૨૦૨૧, સંવત - ૨૦૭૭ આસો વદ - ૧, ગુરુવાર
દર માસની ૨૧મીએ પ્રગટ થતું માસિક, વાર્ષિક ફી : રૂા.૧૦૦



સ્વામીશ્રીજી.

નૂતનવર્ષ ૨૦૪૭

૧૮-૧૦-૯૦

સદા દિવ્ય સાકાર
ગુણાતીત સમાજના પ્રકાશપુંજો.

આપણે યોગીબાપાનું રૂડું
ઝૂલાવવા - તેમના ગમતામાં પળેપળ રહી -
સમાજના બધા સંતભક્તો રાજી રાખી સૌમાં ભળી
અલ્પ સંબંધવાળાના માહાત્મ્યયુક્ત
સેવા કરી લઈ અખંડ અક્ષરધામના
ધ્યાનસમાધિમાં રહેતા થઈ જઈએ. આપણું
તન અને મન, અંતર અક્ષરમંદિર
બનાવીએ અને પ્રભુપ્રાપ્તિની મસ્તી
નિરંતર રહ્યા કરે તેવા
દિપોત્સવ અને નૂતનવર્ષના આશીર્વાદ
સહ આપના પપ્પાના
જય સ્વામિનારાયણ.



**સ્વામીશ્રીજી**

**નૂતનવર્ષ ૨૦૪૭**
**૧૯.૧૦.૧૯૯૦**

**સદા દિવ્ય સાકાર ગુણાતીત સમાજના અક્ષરમુક્તો**

**આપણે યોગીજીમહારાજનું ઋણ ચૂકવવા તેમના ગમતામાં પળેપળ રહી, સીતાજીના જેવી સમજણ રાખી સમાજના અલ્પ સંબંધવાળાની માહાત્મ્યેયુક્ત સેવા કરી લઈ અખંડ અક્ષરધામની જ્ઞાનસમાધિમાં રહેતા થઈ જઈએ. આપણું તન, મન અને ઘર અક્ષરમંદિર બનાવીએ અને બ્રહ્માનંદની મસ્તી નિરંતર રહ્યા કરે તેવા દીપોત્સવી અને નૂતનવર્ષના આશીર્વાદ સહ આપના જ પપ્પાના જય સ્વામિનારાયણ.**



Swami Shreeji
Nutan Varsh 2047
19 October 1990

Forever divine ***akshar mukto*** of the ***Gunatit Samaj***

We owe a great debt to His Holiness Yogiji Maharaj. In order to repay that debt, we should strive to live every moment in a way which pleases Him; adopting the same attitude and understanding as that practiced by **Sitaji** (explained in Vachnamrut Gadhala Last 11) – we should endeavour to serve even the trivial *devotees* ***(alpa sambandhwala)*** with ***mahatmya.*** *This will lead us to a state of bliss known as* ***Akshardham ni Gnan Samadhi*** *– whereby our body, mind and soul will become an* ***Akshar Mandir*** *(a divine temple where God resides at all times) and will remain emersed in happiness and joy at all times.*

***Yours Pappaji's Jai Swaminarayan***
***with blessings for Diwali and New Year.***





૧ સ્વામિશ્રીજી

તા.૫.૧૧.૨૦૨૧
સં.૨૦૭૮-કારતક સુદ એકમ
શુક્રવાર.નૂતનવર્ષ

ગુરુહરિ પપ્પાજીમહારાજના અવનિ પરના અક્ષરધામના
વહાલા યારા બંધુ.બહેનોને હૈયાના હેતે ને નૈનોના નેહે નવા
વરસના ગુણાતીત જ્યોતની બહેનોના ને ગુણાતીત પ્રકાશના
ભાઈઓના જયસ્વામિનારાયણ. નવા વર્ષે ગુરુહરિ પપ્પાજીમહારાજનો
(૧૦૫) મો પ્રાગટ્ય ઉત્સવ આપણે અહોનિશ હૈયુ ને મોં હસતું
રાખી, બ્રહ્માનંદની મસ્તી માણતા પપ્પાજીમહારાજની બે આજ્ઞા...
૧ 'આજ્ઞા આનંદ કરવાની' ને બીજી આજ્ઞા. ઉપાસના..
'મુક્તોને મહારાજના સ્વરૂપ માની સેવા કરી લેવી'
એ દિલથી માની સેવા કરી. આનંદ બ્રહ્માનંદ કરી
સેવા ને સ્મૃતિના સુખથી ભર્યા રહી 'પપ્પાજી સ્મૃતિ
સૌરભ ઉત્સવ' ઉજવીએ ને મોજ માણીએ.

એજ. હંસાદીદી, દેવીબેનના ભાવનીતરતા જયસ્વામિનારાયણ




# ગુણાતીત જ્યોત

બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મમાં જોડાવું તેજ આત્યંતિક કલ્યાણ.

સંસ્થાપક : ગુરુહરિ પપ્પાજી મહારાજ   પ્રેરણામૂર્તિ : પ.પૂ.હંસાદીદી


## સ્વાધ્યાય સંદેશ

### સંજીવની મંત્ર : ૯

આપણે જ્યારે નામ, નાત, જાત છેક પ્રકૃતિપુરુષ સુધીનું જે આપણું ગણાય તે સળગાવી, રાખ કરી, તેના સિંહાસન ઉપર બિરાજી આ બ્રહ્મરૂપ થઈ પરબ્રહ્મની સેવાની સાધના શરૂ કરી છે તો આપણે ખોવાનું શું છે ? તે ડરો છો ? – પપ્પા



### શ્રીજી રસામૃત :–

જીવનું જે કલ્યાણ થાય અને જીવ માયાને તરીને બ્રહ્મસ્વરૂપ થાય તેનું કારણ તો પુરુષોત્તમ એવા જે વાસુદેવ ભગવાન તેના પ્રત્યક્ષ સ્વરૂપનું જ્ઞાન, ધ્યાન, કીર્તન અને કથાદિક એ જ છે. ને એણે કરીને જ એ જીવ છે તે માયાને તરે છે અને અતિ મોટાઈને પામે છે અને ભગવાનનું જે અક્ષરધામ છે તેને પામે છે.

(વચ.ગ.મ.૩૨)



### શ્રી અક્ષર બ્રહ્મરસ :–

મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે. ને વૈરાગ્ય છે તે તો વિષય સાથે વેર કરાવે પણ ભગવાનનું કામ ન કરે ને આત્મનિષ્ઠા છે તે સર્વેમાંથી પ્રીતિ તોડાવે પણ ભગવાનનું કામ ન કરે, ને ધર્મ છે તેણે કરીને સુખી રહે પણ ભગવાનનું કામ ન કરે. માટે મોક્ષના દાતા તો ભગવાન ને સાધુ એ બે જ છે. માટે એમનો અવગુણ ના લેવો.

(સ્વામીની વાતુ પ્રક. ૧ની ૨૦મી વાત)



### દિવ્યામૃત :–

...અંતઃકરણમાં વિષયનું ચિંતવન થાય એ જ એને જન્મમરણનો હેતુ છે. પણ જો આવા જીવ કે આશ્રિતજનો દ્રષ્ટાને વફાદાર રહી ભગવાનની મૂર્તિનું ચિંતવન કરે તો તે ચિંતવનના બળે કરીને પંચવિષયમાંથી વૃત્તિ પાછી વળતી જાય. જેમ જેમ બ્રહ્મ સાથેની આત્મબુદ્ધિ વધે તેમ તેમ તેના બળે કરીને જન્મમરણના ચકાવામાંથી મુક્ત થવાય.

### અનુક્રમણિકા


| અનુક્રમણિકા | પાન નં. |
|---|---|
| નૂતનવર્ષે – | |
| ગુરુહરિ પપ્પાજી મહારાજના આશિષ... | ૨ |
| પ.પૂ.દીદીના આશિષ... | ૪ |
| સ્વાધ્યાય સંદેશ... | ૫ |
| પપ્પાજીની પરાવાણી... | ૬ |
| દીપોત્સવી પર્વોએ... | ૭ |
| નૂતનવર્ષની અભીપ્સા... | ૯ |
| સત્સંગ સમાચાર... | ૧૦ |
| પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા... | ૨૫ |



# પપ્પાજીની પરાવાણી...

આજે દીપોત્સવી. વર્ષનો છેલ્લો દિવસ. દુનિયા આખીય પોતાનું લેતી-દેતીનું સરવૈયું કાઢે. લેણ-દેણમાં કેટલો નફો થયો ? ખોટ કેટલી ગઈ ? એનું સરવૈયુ કાઢે. શ્રીજી મહારાજે વચનામૃત પ્ર.૩૮માં કહી દીધું કે, વેપારી હોય એ હંમેશા એનું નામું રાખે. એમ આપણે પણ આધ્યાત્મિક પ્રગતિનું નામું રાખીએ. આપણે નામું શાનું રાખીશું ? તો અગાઉના વર્ષોમાં માન, સ્વાદ, સ્નેહ, લોભ ને કામ, અહંકાર, પ્રકૃતિ ને સ્વભાવ આઠ આવરણ હતાં. તે કેટલાં ઓછાં થયાં તેની નિરંતર તપાસ રાખવી. ગુરુની આજ્ઞામાં પૂરેપૂરું રહેવાય છે ? મનમુખી ને ભોગબુદ્ધિના સંકલ્પો ઓછા થતા જાય છે ? પહેલા અપમાન થાય તો શું થતું ? ને અત્યારે ખમાય છે ? સ્મિત થાય છે ? એમ હિસાબ કાઢીએ. આપણે પોતે પોતાના ગુરુ બનીએ ને પોતાનું નામું લખીએ.

૧૦૦% ગુરુમુખી, ગુરુ જેમ કહે તેમ વર્તાય તો એકાંતિકપણું સિદ્ધ થઈ જાય. તો આપણે સ્વભાવરહિત થવાય. અહંકાર ઓછો થાય. જગત તરફનો રાગ ઓછો થતો જાય. ને ભગવાન તરફનો રાગ વધતો જાય. અસાધારણપણે ઈન્દ્રિયો, ચૌદેય લોક ભગવાનમાં રત વધુ ને વધુ રહેતા થયા હોય, માહાત્મ્યેયુક્ત સેવા, રાંકભાવ, નિર્દોષભાવ વધતાં હોય તો પ્રગતિના પંથે છીએ. પ્રયત્ન ચાલુ રાખી આગળ વધતા રહીએ.

આ સ્થાન જોગીએ આપેલું છે. અખંડ વૃત્તિ ભગવાનમાં રાખવા માટે સાધના કરીએ છીએ. નિરંતર જપયજ્ઞ કર્યા કરીશું તો જ સ્વભાવ ખેંચી નહીં જાય. કંઈપણ કોઈનુંય ખૂચ્યું તો માથાકૂટ ના કરશો. બુદ્ધિ ને હૈયું બેય બંધ કરીને કર્તાહર્તા પ્રભુને માનીને જીવીએ. સંબંધવાળામાં બ્રહ્મની લીલા મનાવી જોઈએ. ન મનાય તો ભજન ને પ્રાર્થના કરીએ. આવું વર્તનમાં લાવી દઈએ. પળેપળ પ્રભુમય જીવતા થઈ જઈએ. આ પ્રકારનું સરવૈયું કાઢીએ. આપણી કચાશ નોંધી એના ઉપર ધ્યાન રાખીએ. એમ કરતાં આપણે ધામરૂપ રહેતા થઈ જઈશું.

આજે દિવાળી એના માટે છે. ચૌદેય લોકમાં એવા દીવા પ્રગટાવી દઈએ. પ્રકાશ કરી દઈએ. દોષ નોંધીએ. ગુણ પણ નોંધીએ. કોઈ દુઃખાટ નહીં તો કોઈ ગુલગુલિયું પણ નહીં. આપણામાં ખામી લાગે તો પ્રભુનું બળ લઈ તે ટાળવા પ્રયત્ન કરીએ. તો જે કક્ષાએ પહોંચવું હશે ત્યાં પહોંચી શકાશે. બસ દોઢ ડહાપણ મૂકી, આળસ, પ્રમાદ ને ગાફલાઈ મૂકી, થોડી જાગ્રતતા ને રુચિ રાખીએ. ભગવાનનું કર્તાહર્તાપણું માનવા ન દેતું હોય એવી માન્યતા, ગ્રંથિ, બુદ્ધિ એ બધાને નોંધી, એના ઉપર જ્ઞાનસ્વરૂપી વિચારનું કડક નિયમન રાખીને દિવાળી ઉજવીએ. એવું ઉજવવાનું સૌનેય બળ મળે, પ્રેરણા મળે. સૌ કોઈ મૂંઝવણના લેશ વગરનું અક્ષરધામનું સુખ ભોગવતા થઈ જાય. ને જે સંબંધમાં આવે તેને પ્રભુ આપતાં થઈ જાય. સૌ સુખિયા સુખિયા થાવ. તેવા દિવાળી અને નૂતનવર્ષના દિવસે અંતરની પ્રાર્થના ને આશીર્વાદ. (તા.૨૨.૧૦.૧૯૮૭)

# દીપોત્સવી પર્વોએ...

હે દિવ્યાતિદિવ્ય અલૌકિક પરબ્રહ્મ તત્ત્વ !
હે માનવદેહ ધારી પરબ્રહ્મ સ્વરૂપ !
હે પ્રત્યક્ષ ગુણાતીત ભાવનાધારી સાધુ સ્વરૂપ !
દીપોત્સવીના ઓજસવંતા પર્વોના,
અનંત વંદન તવ શ્રી ચરણે !

## શ્રી એકાદશી

આસો વદ એકાદશીથી શરૂ થતા દીપાવલિના પર્વોની ઉજવણી. શ્રી એ શુભ અને પવિત્રતાનું સૂચક, દશ ઈન્દ્રિયો અને એક મનના નિગ્રહનું તપ એ એકાદશી.

મનના તપમાં અન્ય વિચારો ટાળી
પ્રભુમહિમાનું નિરંતર મનન, ચિંતન, ધ્યાન.
તે પુનિત દિનથી પ્રારંભ થતા પર્વે અંતરતલથી યાચુ છુંઃ તારા મહિમાનું યથાર્થ દર્શન, યથાર્થ અનુભવ, યથાર્થ જીવન બને.

## વાઘ બારસ

આ જીવનના લેખાજોખાનો દિન. વચ.ગ.પ્ર.૩૮ – ‘વાઘ’ ભરવા એટલે વણિકના નામાનું વચનામૃત. ઘણા સાધકોને સંબોધનમાં પપ્પાજી ‘વાઘ’નું વિશેષણ ઉમેરતા. પ્રશ્ન પૂછ્યો, ‘કેમ વાઘ ? શું બધાને બીવડાવે છે ?’ પ્રભુ હસતાં હસતાં ઉચ્ચર્યા – પોતાનાં ઈન્દ્રિયો-અંતઃકરણ પર વાઘની જેમ કડક, પોતાના સંકલ્પો ને વિકલ્પોને વાઘની જેમ પકડનાર.’

‘કેસરી કેરા ગંધથી કરી કોટિ ત્રાસે રે...
એમ આત્માના ઉદ્યોતથી અજ્ઞાન નાસે રે...’ એ અનુભવી આનંદના ત્રીજા પદમાં મુક્તાનંદ સ્વામીજી કહે છે તેમ. એવા તેજસવંતા જાગ્રત સાધકોના દિને વાઘબારસે અંતરથી જાગૃતિ સહ યાચું છું : અમહિમામાં જવાય ત્યારે વાઘના ડર જેવો ડર. અન્યના અમહિમામાં જવાય ત્યારે મરણતુલ્ય ઘા ! તો જ આત્માનું તેજ પ્રગટે ને અહમ્રૂપી અજ્ઞાન નાસી જાય.

## ધનતેરસ

સાચું ધન તે માનવજીવન, સત્સંગપરાયણ જીવન. આપણું સાચું ધન તે આપણા ગુરુહરિ પપ્પાજી મહારાજ. તેમને અંતર્યામી ને દિવ્ય માનીને પળેપળ જીવીએ.

આપણા સંકલ્પને પણ પપ્પાજી ‘ધન’ કહેતા. માનવની શાશ્વત, સર્વોપરી મૂડી કઈ ? પોતાનો સંકલ્પ. તે જેટલો શુધ્ધ, જેટલો દઢ, જેટલો પવિત્ર, જેટલો નિસ્વાર્થ, જેટલો સ્વયંની સંશુધ્ધિ માટે કરેલો હોય તે જ માનવની જન્મોજન્મ સાથે આવતી મૂડી છે. તેની પૂજા, અર્ચના અને નાયગ્રાના ધોધના જેવી નિષ્કામ ભક્તિથી પ્રક્ષાલન. સંકલ્પની જાગરૂકતા રાખીને તેવા ધનને જાળવવું. ગુરુ અને ગુરુહરિની દિવ્ય મૂર્તિથી તેને શુદ્ધ કરવું. મનુષ્યભાવ ન આવે અને ભાવમાં મલિનતા ન આવે તે માટે મૂર્તિની સ્મૃતિ ને ભક્તિથી જાળવવું.

અને ગૃહસ્થ હરિભક્તો માટે ધન જે કાંઈ ઉપાર્જિત થાય તેને પવિત્ર અને નિર્વાસનિક બનાવવા શિક્ષાપત્રી પ્રમાણે સંતો, સ્વરૂપોને મંદિરમાં પોતાની ગરજે અને

કલ્યાણની ભાવનાથી અર્પણ કરવું. જે કાંઈ અર્પણ કરીએ તેમાં 'તેરા તુજકો અર્પણ' એવો આંતરભાવ રહે. તેવી ઉત્તમ ભક્તની ભાવનાથી ભક્તિ કરવી. જેથી ગૃહસ્થ હરિભક્તોનું પણ સંકલ્પરૂપી ધન ભક્તિમય બની જાય અને કર્મમાત્ર ભક્તિરૂપ બનીને કલ્યાણના માર્ગે છતીદેહે મોક્ષનું સુખ પર્યાપ્ત થાય.

## કાળી ચૌદશ

જેને ગુરુહરિ પપ્પાજીએ 'અક્ષર ચૌદશ' એવું ઉપનામ આપીને પણ મહિમાવંતી બનાવી. આમ તો એ નરક ચતુર્દશી પણ કહેવાય. પ્રત્યક્ષનો જોગ ને તેમના શ્રી ચરણની કરૂણાથી નરક ચોરાશી તો તત્કાળ ઊડી જાય અને એવા ગુણાતીત પુરુષની એક નિમિષ માત્ર દૃષ્ટિથી નિષ્કામ જીવન બની જાય. એવું વરદાન પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ શ્રીજીમહારાજે તેમના આશ્રિતોને આપ્યું છે.

જગતમાં ચૌદશ શબ્દ ખટપટ અને નિંદારસમાં મહાલનાર માટે વપરાય છે. પપ્પાજી કહે, 'અક્ષરમુક્તો છીએ તેથી જેવાં વિચાર, વાણી, તેવા આપણામાં ગુણો પ્રર્વતે, પ્રગટે. અન્ય માટે જે ધારો લગાડો તે બધું જ તમારામાં તો હોય જ – તેથી 'ચૌદશ' કરનારાથી સો ફૂટ દૂર. અને આપણે એ રસને ઝેર સમાન માનીને આત્માનો નાશ કરનાર માનીને એનાથી જન્મોજન્મ દૂર જ રહીએ તેવી અક્ષર ચૌદશની વિનયપૂર્વકની પ્રાર્થના છે.

## દીપાવલિ

દિવાળી એ છે આસો માસનો છેલ્લો દિન.

હે પ્રભુ ! અમો અમારા અહંકારનો આજે છેલ્લો દિન માનીને તે અમાસને પૂર્ણ સમર્પણના દીપથી ઉજાળીએ. બૌદ્ધધર્મમાં કહ્યું છે : 'તું તારો દીવો બન.' આત્માની જાગરૂકતા એ જ દીવો. કઈ જાગરૂકતા ? હું દેહરૂપી કોડિયું નથી હું તો પ્રકાશપૂંજરૂપ આત્મા છું. દેહરૂપી કોડિયું તો નાશવંત છે. માતા-પિતા તરફથી મળેલું એક સાધન છે. તેમાં ઘૃતરૂપી સ્વપ્રયત્ન અને જાગ્રતતા અખંડ રેડીને દિવ્યભાવ, મહિમા અને આનંદના તલસાટરૂપી દિવેટ અખંડ જલતી રાખીને ગુણાતીત ભાવભર્યા વર્તનનો પ્રકાશ મારા આંતરમનમાં, રોમેરોમમાં ને સર્વત્ર રેલાતો રહે તેવી પ્રાર્થના છે. ક્ષમાભાવનાને સર્વ ધર્મમાં વિશિષ્ટ કહી છે. પપ્પાજી કહે, 'ક્ષમા કોને ? એણે કોઈ ભૂલ કરી છે ને તમો ક્ષમા કરો છો તે ? કોઈ ભૂલ કરે જ નહીં. બધું જ બ્રહ્મનિયંત્રિત, બ્રહ્મપ્રેરિત. અન્યોન્યના શુધ્ધિકરણના ભાગરૂપે જ... કોઈ ભૂલ કરે છે ને તમો ક્ષમા કરો છો તે આધ્યાત્મિક દૃષ્ટિએ મોટી ભૂલ છે. પ્રાર્થનાથી તે ધોવાની ગરજ ને ફરજ માનીને દીપોત્સવીમાં પ્રભુનું કર્તાહર્તાપણું, પ્રભુનું નિયંતાપણું, પ્રભુનું પ્રગટપણું અખંડ મનાય તેનો જ ઉત્સવ. સ્વના કર્તાપણાનું તમસ ટાળવા પ્રાર્થના છે.

હે પ્રભુ ! તમે સર્વોપરી છો ! હે પ્રભુ ! હું તમારો છું, કેવળ તમારો છું. મારા સમગ્રથી તમારો છું. મારાં ઈન્દ્રિયો, અંતઃકરણ, વિચાર, વાણી, વર્તનમાં તમે પ્રગટો, પ્રસરો ! આનંદ, મહિમા, કૃતાર્થપણું અને ધન્યતાના ભાવના પ્રકાશથી આ જીવતર આજે અને અનંત જન્મો સુધી પ્રકાશવંત બની રહો ! મારો દીવો પ્રગટેલો જ રહે અને અન્ય દીવો પ્રગટાવવા સમીપ આવે તો પ્રેમ, સરળતા, સ્મિત, સાચા હૃદયના સુહૃદભાવ અને પ્રાપ્તિના કેફથી એ દીપને પ્રકાશથી ભરી દઉં. તારા બળે, તારા આધારે, તારા આશરે ને તારી કરૂણાથી...

અનેક ઉત્સવોથી ભરપૂર માનવજીવનને આનંદના પ્રકાશથી ભરતી દીપાવલિમાં પ્રત્યક્ષના ભક્તોએ અભાવ, અવગુણ, અમહિમારૂપી તિમિરને સદંતર તિલાંજલિ અર્પી અને સંપ, સુહૃદભાવ ને એકતાના, સ્નેહ, સરળતા ને સદ્ભાવનાના આનંદ, મહિમા ને સમર્પણ, ભક્તિના શાશ્વત ઓજસથી ભરી દેવાનાં છે.

'મનમંદિરે દીવો પેટચો
પપ્પા સ્વરૂપે છે એ મહારાજ
આતમ અજવાળતો, મહિમા વધારતો
આપે એ પરમાતમને આજ હો....'

મનમંદિરના ઓરડાના દીવાઓને પ્રભુભક્તિના તેજથી ભરી દેવાનું બળ આપે એ જ ગુરુહરિ પપ્પાજી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

# નૂતનવર્ષની અભીપ્સા

દીપોત્સવીના પ્રકાશભર્યા પર્વ ને નૂતનવર્ષની દિવ્ય ઉષાએ આપના ચરણે શીશ ઝૂકાવી પ્રાર્થનાપુષ્પ અર્પણ કરું છું : તમારા સંકલ્પ સ્પર્શથી સેવાયેલાં ચૈતન્યો !

સૌને આપના મહિમા અને સ્મૃતિથી સભર કરીને આલોકમાં જીવન જીવવાની પળેપળે સૂઝ ને પ્રેરણા દેજો. નિરંતર તમારી પ્રાપ્તિના અનુભવ અને પ્રાર્થનાના કાલાવાલાએ શ્રધ્ધા ને ભક્તિથી ભર્યા કરી દેજો ! સંકલ્પ, ભાવ ને ક્રિયામાં તમારી હાજરી માનીને જ વર્તાય તેવી જાગ્રતતા ને જાણપણું આપજો ! સંપ, સુહૃદભાવ અને એકતા રાખીને જ જીવન જીવવાનો દઢ નિશ્ચય કરાવજો.

## Our Prayer for New Year....

Oh Lord,

On the divine occasion of Diwali - illuminated with lights and dawning of the New Year, I bow my head at your lotus feet as I offer a humble prayer for those souls who have been touched by your divine grace !

Bless each one, enlighten them all to your glory and your greatness. Bestow upon them your grace, that they may live each moment emersed in your divine smruti.

Guide them to live every moment by remaining engrossed in you Oh Lord, always seeking your help and guidance in any and every matter through prayer. As they reach out to you, let them experience your divine presence in every aspect of their lives, at all times.

May they remain ever alert that you are watching over their every thought, every emotion and every action.

Bless all devotees, Oh Lord, to live in harmony, friendship and unity (Samp, Suridhbhav, Ekta) and make this way of living their life long habit.

## સત્સંગ સમાચાર

## તા.૩.૧૦.૨૦૨૧ : પ.પૂ.પદુબેનના સ્વરૂપાનુભૂતિદિનની ઉજવણી...



પદ્મમાર્ગના પ્રણેતા પ.પૂ.પદુબેનનો આજે ૫૧મો સ્વરૂપાનુભૂતિદિન. જેમણે નિર્દોષબુદ્ધિએયુક્ત ગુરુહરિ પપ્પાજી મહારાજના આદેશનું પાલન કરી સ્વરૂપનિષ્ઠાની સુવાસ ફેલાવી. જેમાં આપણી રોજની યાચના છે કે
'પપ્પા તમે થઈ ગ્યા અમારા... અમે થઈને રહીએ એક તમારા...
અમે અમારા રહીએ ન જરા...
તારી પરછાંઈ થવા ઈચ્છનારા...'
એવી પરછાંઈ એટલે પ.પૂ.પદુબેન. જેમણે એનો અર્થ સમજાવ્યો કે આપણને માનરૂપી હાર કે અપમાનરૂપી ધક્કો મળે તો એના જે સ્પંદન થાય – વાહવાહના કે દુઃખના એ આપણા તંત્રમાં થાય છે પણ એ દ્રશ્ય પરછાંઈમાં દેખાય છે ખરું ? જેમ એને એના સ્પંદનો નથી એમ આપણામાં જે પ્રસંગો બને તેમાં પરછાંઈ હોઈએ તો ભાવસ્પંદન હોય જ નહીં. તેવા આપણે થવાનું છે. એવા ધ્યેયની જાગ્રતતા આપનાર પ.પૂ.પદુબેને સૌ પ્રથમ ઠાકોરજીને, ગુરુહરિ પપ્પાજી મહારાજને, સ્વરૂપોને હાર અર્પણ કર્યા. ને માહાત્મ્ય, અનુભવ, સ્મૃતિનો લાભ લીધો તે માણીએ.

**પૂ.તરુબેન :** પદુબેન એટલે બધામાં હા જ. એકવાર દિલ્હીથી પપ્પાજી પધાર્યા ને ગણતરીના કલાકોમાં ૩૨ જાતના ભોજન બનાવી દીધા. એ કેવું વચનનું માહાત્મ્ય ! આપણે બુદ્ધિના માપદંડથી જીવીએ પણ પદુબેનને યથાર્થ નિષ્ઠા તો વચન અધ્ધર ઝીલી લીધું.

પદુબેન ટચીંગ માર્ગદર્શન આપે છે કે સ્વરૂપો પાસે કેવું જીવવું જોઈએ. પપ્પાજીએ વચન આપ્યું કે પાંચ મિનિટમાં પાછા આવવાનું તો એમણે પાળ્યું જ. પદુબેન હાલતું ચાલતું શાસ્ત્ર છે. તો આ સ્વરૂપોનો લાભ લઈ લઈએ.

પદુબેન ! તમારી સંકલ્પની જાદુઈ લાકડી અમારા પર ફેરવી દો. એક પ્રભુ સિવાય કશાયમાં મન ન લોભાય. પપ્પાજી અમને જોઈને રાજી થાય કે કેવું સરસ પ્રભુસભર જીવે છે ! તમને જોઈને પપ્પાજી હરખાતા'તા એવા અમને જોઈને સ્વરૂપો હરખાય એવા પપ્પાજીને ઓળખી લઈએ. માણી લઈએ ને પ્રાપ્તિ કરી લઈએ.

**પૂ.હરણાબેને** રોજીંદા જીવનની સ્મૃતિઓ કરાવી વાત કરી કે, નાના હતા ત્યારથી પદુબેને ખૂબ લાભ આપ્યો છે. પદુબેન! તમે જે મૂર્તિમાં રહ્યા એ જ મૂર્તિ અમને મળી છે. એ જ અમને કોથળામાં ભરી ઘડી રહ્યા છે.

પદુબેન તમે બધાના દાસ બની પપ્પાજીને દાસ કર્યા છે. તેમ અમે પણ દાસના દાસ બની, પ્રભુ પપ્પાજીને વશ કરી, કાંટારહિતના થઈ તમારી સુવાસ પ્રસારીએ.

**પૂ.ઋજુબેન :** જ્યારે પણ પદુબેન જ્યોતમાં પધારે ત્યારે પ્રસન્ન ગ્રુપને લાભ આપવા પધારે. અમારી સાથે ઓતપ્રોત થઈને વાત કરે કે અમને અંતરાય ન લાગે ને ખૂબ સૂઝ આપે. એ જે સમજાવે તેની કટ ગેડ બેસી જાય અને પરાણે પાછા વળવું પડે તેવું ન લાગે. પદુબેને કહ્યું કે 'તમને તમારા અંગની સેવા મળે છે તો એવા પ્રભુમય રહી કરવી જેથી સ્વરૂપો રાજી થાય.' પદુબેને અમને આશીર્વાદ આપ્યા છે કે, તમે સેવા કરજો હું તમારા માટે માળા કરીશ. તમને પ્રભુ બળ આપી દેશે. ને ખરેખર બળ મળે છે તો ઉમંગથી સેવા થાય છે.

**પૂ.શીલાબેન :** પદુબેનની ચાર આજ્ઞાઓ છે. ૧. સભામાં કોઈ લાભ આપે તો તાળીઓ પાડવી. ૨. જીવનમંત્ર કરવો. ૩. સભામાંથી કામ વગર બહાર ન જવું. ૪. ગુરુ ધ્યાન કરતા હોય કે પૂજા કરતા હોય તો તેમને ડીસ્ટર્બ થાય તેવું કાર્ય ન કરવું.



(આ વાત પર પોતે પોતાના પ્રેક્ટીકલ પ્રસંગ વર્ણવી પદુબેનનો મહિમા સમજાવ્યો.)

ખૂબ સહેલી આજ્ઞાઓ છે કે તે પાળી શકીએ ને તેમાં આપણું કેટલું ય ટળી જાય. તો નાની નાની આજ્ઞાઓ પણ મોટી કરીને પાળીએ ને પ્રભુ પપ્પાજી અને સ્વરૂપોનો રાજીપો પ્રાપ્ત કરી લઈએ.

ત્યાર બાદ પૂ.કુસુમબેન પટેલ રચિત 'પરમ સંગે અખંડ લીનતા...' ભજન ગવાયું તેમાં સૌ લીન થયા.

**પૂ.શારદાબેન માવદિયા :** આપણને કેવા સમર્થ સર્વોપરી ગુરુઓની પ્રાપ્તિ કરાવી છે. એકવાર જ્યોતમાં કોઈક સેવામાં એક બહેનની જરૂર હતી. મેં એક બહેનને પૂછ્યું તો એણે ના પાડી. મારા મનમાં ગડમથલ ચાલી. ત્યાં તો પદુબેને મને બોલાવી ને પૂછ્યું, 'શું ચાલે છે?' મેં જણાવ્યું. તો પદુબેને સનાતન સત્ય આપી દીધું કે 'આપણે શું છીએ કે બીજા આપણને મદદ કરે ? કેમ પપ્પાજીને પ્રાર્થના કરી, પપ્પાજીની મદદ ન માગી ?' મને પણ નોંધાયું કે આંતરિક રાંકભાવ ન હતો. આગ્રહ ને હક્ક હતો. આખો દિવસ સેવા કરીએ પણ મુક્તોનું જોવાઈ જાય, ખટપટ થાય, ફરિયાદ થાય તેથી દૈવત ભેગું ન થાય. ભગવાનના ભાવે મુક્તોની સેવા કરો. તે ગુરુની કૃપાથી ખબર પડી. આ એમનું વચન હૈયામાં સોસરું ઉતરી ગયું. ને કાયમ ટાણે ટાણે યાદ આવી જાય છે.





તો હે પદુબેન ! તમને જેવી અપેક્ષા છે તેવું સહજ જીવન બની જાય, એકતા રાખી સુહૃદભાવભર્યું જીવન જીવીએ એ જ પ્રાર્થના.

**પૂ.શુભીબેન :** પદુબેન પહેલેથી કહેતા કે કોઈનામાં કાંઈ નથી. પદુબેનને એવું થાય કે કોઈને કાંઈ જોઈતું નથી, બધા ગ્રહણ જ કરે છે. આપણને કેવા સર્વોપરી પપ્પાજી અને સ્વરૂપો મળ્યા છે ! તેઓ ભક્તોને સુખી કરવાની જ ભાવના રાખે છે. પદુબેન જેવા બહેનો સાથે રસબસ થાય છે તેવા જ હરિભક્તો સાથે પણ થાય છે. ભક્તોથી પાળી શકાય તેવી આજ્ઞા આપે કે જે પાળે ને તેમના કામ પૂરાં થાય છે. તેવા હરિભક્તોના અનુભવો કહ્યાં.



ત્યાર બાદ પૂ.હર્ષાબેન પટેલે બુકે તથા પૂ.પૂજાબેન અને પૂ.મીનાબેન કોઠારીએ કેક અર્પણ કરી.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ પપ્પાજી અક્ષરધામમાંથી દિવ્ય સ્વરૂપોને સાથે લાવ્યા. આપણને ઓળખાણ કરાવી. આપણી સાથે રસબસતાથી રહે ને ગોષ્ટિ કરે કેટલું સરસ! પપ્પાજીનું વચન સંબંધે સ્વરૂપ માનો તે પદુબેનના જીવનમાં, મનમાં સહજ રહ્યા કરે છે. પદુબેન નિરંતર પપ્પાજીમાં રહે છે. આપણે પણ જે




સ્મૃતિ લાભ મળ્યો તે વાગોળ્યા કરીએ. વહેલી તકે પરમ ભાગવત સંત બની જઈએ એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જસુબેન :** અહોહો ! પૂર્ણ મળ્યા એ જ પૂર્ણ કરશે. આવા સ્વરૂપો મળી ગયા ને આપણે મફતમાં ખાટી ગયા. કોઈ મૂંઝાતું હોય તો એમને પૂછો. તમે ગમે તેવા હશો, ચોખ્ખા કરીને મૂકશે. આજે પદુબેનનું ઉજવાય છે તો જાણે મારું ઉજવાતું હોય તેવો આનંદ આવે છે. તમે પણ ખાઈ–પીને મઝા કરો. કર્તાહર્તા પપ્પાજી છે. દરેકને પોતાની રીતે સેવા આપી છે. પપ્પાજીને સંભાર્યા કરીએ. સ્મૃતિ કર્યા કરીએ. ને તેમના વચન પ્રમાણે જીવવાનું ખૂબ ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.પદુબેન :** આપણે ખૂબ નસીબદાર છીએ. ખરેખર આપણે કાંઈ નથી કરવાનું. જસુબેને કહ્યું કે આજે મારો જ ઉજવાતો હોય તેવો મને આનંદ આવે છે તે આપણે કરવાનું છે. જ્યારે આપણા 'હું'નો લય થાય ત્યારે જ આવું થાય. પપ્પાજી છે તો બધું શક્ય છે. બધા જ દ્રષ્ટાવાળા છે. પપ્પાજીને બધાને સુખ લેતા કરવા જ છે. એમણે સંકલ્પ કર્યો છે. ગુણાતીત સાધુ બનાવવાનો. સ્વરૂપોને સ્વરૂપનિષ્ઠા સોલીડ છે તેથી પપ્પાજી કર્તાહર્તા મનાય છે. જ્યારે આપણને મુક્તોની ક્રિયા, સ્વભાવ દેખાય છે. હકીકતમાં સંબંધે સ્વરૂપ માનો એ કરવાનું છે. તે કરે જ છૂટકો છે. એ વાતમાં જાગ્રત રહેવાનું છે. બળ આપનાર બહુ સર્વોપરી છે.

માન તો જીવમાત્રને ગમે. તેના બદલે દ્રષ્ટા એકમાત્ર રહે. જેનું ઉજવાય તે હું જ છું. તેવા થવા માટે ભગવાન જોતા થવું પડે. તેમનો ખજાનો મફત નથી મળતો. સિધ્ધાંત પાળો તો જ મળે.

પપ્પાજીની જે ઈચ્છા છે – ગુણાતીત સાધુ તરીકે સૌને જોવાની તે પૂરી કરીએ. તેની ધગશ રાખીએ. આપણને જોઈને એમનું હૈયું હસી ન ઊઠે તેનું એમને ભારોભાર દુઃખ થાય. કાંઈ નુકશાન જાય તેનો ભાર નથી, પણ કાંઈ અભાવ હોય ને તેની કબુલાત ન હોય તેનું દુઃખ થાય છે. આપણે પ્રભુસભર રહીશું તો ઘેર બેઠા અહો અહો થયા કરશે. એવી સ્થિતિએ લઈ જવા છે. આપણા મટી સૌના સુહૃદ બની એકબીજામાં રાચીએ તેવી પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** આજે પદુબેનનો જન્મદિન. મુક્તોનો મહિમા. અક્ષરધામના મુક્તો જોવા ને માનવા એ પદુએ કર્યું.

પદુબેન અખંડ પ્રભુમય જીવતાં થઈ ગયાં. સંકલ્પ, ભાવ ને ક્રિયા પ્રભુની ભક્તિરૂપ જ. તે કોઈના દોષ જોતા નથી. ભગવાન ધારતા થઈ ગયા. પ્રભુની સ્નેહભરી મૂર્તિમાં રત રહે છે. સાધુતા આપવા જે પોતાના છે ત્યાં કડકાઈ રાખે છે. બીજાને પ્રભુના સ્વરૂપ માને છે. પદુબેને માહાત્મ્ય વર્તનથી પ્રસાર્યું છે. એ આપણે અનુભવીએ છીએ. વચ.ગ.મ.૧૩ જેવું વર્તે છે. બધાની મૂંઝવણ ટાળી દે તેવી સામર્થિ તેમનામાં આવી ગઈ. એ ખરેખર એવા પ્રભુમય રહે છે. હું પદ્મમાર્ગી સાધક છું. તેવું ધ્યાન રાખીએ. પદુબેન પાસેથી આ શીખી લઈએ. જોગી ના ઓળખાય તેમ ગુણાતીત સ્વરૂપ ના ઓળખાય જે પદુબેને ઓળખ્યા. ખમે નમે તે પ્રભુને ગમે. પદુબેનની જેમ આ સેવા આવી હતી કે આવશે તેમ માની તક ઝડપી લઈએ. અંતે આત્મા ને પરમાત્મા જ રહેવાના છે. સહજાનંદસ્વામી મહારાજની જય.

## તા.૫.૧૦.૨૦૨૧ : ધ્યેયસિદ્ધિના પ્રાર્થનાયજ્ઞના સમાપન ઉત્સવે...



આજે સાંજની સભામાં ધ્યેયસિદ્ધિ પ્રાર્થના યજ્ઞ સમાપનનો ઉત્સવ પ.પૂ.દીદી, પ.પૂ.દેવીબેન, પ.પૂ. જસુબેન તેમજ ગુરુસ્વરૂપોની પ્રત્યક્ષ સંનિધિમાં થયો.

૨૭-૨૭ મુક્તોના ૧૨ ગ્રુપ કરેલા. તેમાં ગુરુસ્વરૂપોએ રોટેશનમાં ૧૨ મહિના બધા જ સાધક બહેનો માટે પ્રાર્થનાથી બળ, દૈવત પૂર્યા. આજે સમાપન સભામાં દરેક ગ્રુપમાંથી એક એક સાધક બહેને યાચના સ્વરૂપે ભજનની ટૂક દ્વારા પ્રાર્થનાભાવ ધર્યા.

ત્યારબાદ પ.પૂ.દીદીએ જવાબદાર સ્વરૂપોને સંકલ્પ કરાવ્યો. ત્યારબાદ પ્રેરણાપીયૂષ ને આશિષ લીધા તેનો સાર માણીએ.

પ.પૂ.દયાબેન : ગુરુહરિ પપ્પાજી મહારાજના શતાબ્દી પર્વથી ખૂબ સરસ ભક્તિસભર આયોજનો થાય છે. ચોવીસ કલાક પ્રભુથી ભર્યા રહેવાય છે. આયોજન કરનાર ને તેમાં ભળનાર, ભાગ લેનાર સૌને ધન્યવાદ છે.

પપ્પાજીને આપણા સૌમાં સુહૃદભાવ અને માહાત્મ્ય પ્રગટાવવા છે. તે આવા આયોજન દ્વારા સાકાર બની રહ્યાં છે. આ અક્ષરધામની સભા છે. બધાએ ભજન પંક્તિ દ્વારા કેવી સરસ પ્રાર્થના કરી ! આપણને શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ બનાવવા પપ્પાજી અનંત પ્રકારે લીલાઓ કરીને આગળ લઈ જઈ રહ્યાં છે. બસ, કર્તાહર્તા પ્રભુને માનવા. દરેક વાતમાં અહોહોભાવ રહેવો, નેગેટીવ સ્પંદન ના થાય ને માહાત્મ્ય રહે એ બહુ મોટી વાત છે. આપણે સૌ પપ્પાજીનું ગૌરવ છીએ. આશા છીએ. ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળા મુક્તો વચ્ચે રહીએ છીએ ને હળીમળીને, મહિમાથી જીવીએ છીએ એ પપ્પાજીની કૃપા છે. આઠેપહોર આપણને આનંદના ફુવારા ઉડ્યા કરે એવું સહજ વર્ત્યા કરે તેવું સૌ સ્વરૂપો ને પપ્પાજી બળ આપે એ જ પ્રાર્થના.

આશીર્દાન પ.પૂ.દેવીબેન : કલ્પનાતીત આયોજન ! દીદીએ ભજન બનાવ્યા ને તમે તેમાંથી પ્રાર્થનાની કડી ગાઈ. અહોહો... આ આપણે જે કડી ગાઈ તે રોજ ગાવી જેથી તે તાજું રહે. આપણી માંગણી જે પ્રાર્થનામાં કરી તેનું જાણપણું રહે. પપ્પાજીએ આપણને ખૂબ સુખિયા કર્યા છે. પણ આધ્યાત્મિક રીતે સુખિયા કરવા આ સ્થાન ઊભું કર્યું તો આપણે જે માંગ્યું છે તેને વળગી રહીએ ને તે આપણા જીવનમાં આત્મસાત્ થાય. તે માટે પપ્પાજી અને સ્વરૂપો ખૂબ ખૂબ બળ આપે એ જ પ્રાર્થના.



**આશીર્દાન પ.પૂ.દીદી :** ખૂબ સરસ સમૈયો થયો. આપણે તો રોજ ઉત્સવ ને આનંદ. આવા વિધ વિધ આયોજન થાય ને થયા કરે તે સારું જ છે. પણ સાધના કરવામાં પળેપળ એ વિચાર રાખવો કે હું સાધક છું. મારી બધી જ ક્રિયા પ્રભુમય હોય. હું કાંઈક છું એ કર્તાપણાના આનંદમાંથી હું કાંઈ છું જ નહીં. હું કંઈક પામવા આવી છું. પરમ ભાગવત સંત થવા આવી છું, એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવી છું. આપણો પ્રત્યેક શ્વાસ ભક્તિમય હોય તે જાણપણું સતત રાખ્યા જ કરવું.

પથ્થરમાંથી મૂર્તિ ઘડાય ત્યારે તેના પર શિલ્પકામ થાય. કેટલાંય ટાંકણા ખમે ત્યારે ઘડતર થાય ને આકાર પામે છે. તેમ આપણા માટે અજબ કારીગર પપ્પાજી મળ્યા છે. એ આપણને સેવા ને બીજું, ત્રીજું કરાવીને, અથડાવીને ઘડી રહ્યા છે.

આપણે અત્યારે પ્રાર્થના ભજન સ્વરૂપે રજૂ કરી તેમાં આ સ્વરૂપો સંકલ્પ, પ્રાર્થના કરશે. પણ ભગવાન પ્રસંગ યોજે ત્યારે ગુરુહરિ પપ્પાજીએ આપણને જે વચન આપ્યા હોય તે પ્રસંગે યાદ કરીને જીવવા પ્રયત્ન કરીએ તો બળ મળી જાય ને તેમાંથી આગળ વધી જવાય. પ્રસંગનો સામનો પ્રાર્થના કરીને જાતે જ કરવો પડશે. આપણે પ્રાપ્તિ કરવી જ છે. પળેપળ યાદ રાખવું કે આપણે શું કરવા આવ્યા છીએ ? પરમ ભાગવત સંતની વ્યાખ્યા શું તેમ મને દેવીબેને પૂછેલું ને કહેલું કે તમે તે સમજાવજો. તો અખંડ બ્રહ્માનંદ રહ્યા કરે. નિરંતર પ્રભુની સ્મૃતિ થયા કરે. હું પપ્પાજી ને સ્વામિનારાયણ ભગવાનની છું. તે વગર કોઈનું ય ચિંતવન નહીં કરવાનું. આપણું પોતાનું પણ નહીં એ પરમ ભાગવત સંત.

મન અને તનને ભગવાનમાં રાખીશું તો કંઈ કરવું નહીં પડે. ભગવાનમાં વિશ્વાસ રાખ્યો છે તે બધાને પપ્પાજી કરાવી જ આપશે. આવા કાર્યક્રમોમાંથી આગળ જવા કંઈક લેવું ને તે પ્રમાણે જીવવાં માંડવું. બસ, આપણે છતીદેહે અક્ષરધામનું સુખ લેવું જ છે.


**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ :** જે જે સ્થિતિને પામ્યા છે તેનો સમાગમ કરીએ. આવા ગુણાતીત સ્વરૂપોની પ્રાપ્તિ થઈ છે. તેમની પાસે બે હાથ જોડીને કહે તેમ કરીએ. આપણી વાસનાને શુદ્ધ કરી દેશે. હું પણાથી પર કરશે.

બસ, ગુણાતીતભાવને પામી જ જવું છે. સંબંધમાં આવ્યા છીએ તો તક ઝડપી લઈ, પામી જઈએ. એક પણ પળ નકામી જવા દેવી નથી. જ્યાં સુધી સાધના પૂરી ના થાય ત્યાં સુધી સ્મિતથી દરેક પ્રસંગને આવકારીએ. જે સત્ય મળ્યું, જાણ્યું તે વિચારી, વાગોળી પોતાનું કરી લઈએ ને આગળ જતાં જ જઈએ. હરે... સહજાનંદસ્વામી મહારાજની જય.



## તા.૭.૧૦.૨૦૨૧ : પ.પૂ.મમ્મીજીના ૧૦૫મા પ્રાગટ્યદિનની ઉજવણી...







પપ્પાજીના યુગકાર્યની શક્તિ મમ્મીજી. એવાં મમ્મીજીને અક્ષરધામમાંથી લઈને પધાર્યા. એ યુગકાર્ય કરવા પ્રભુતામાં પગલા ૧૧ વર્ષે માંડ્યા. મમ્મીજી એટલે સમર્પણનું સ્વરૂપ. ગુરુહરિ પપ્પાજીના રુચિ, રહસ્ય સમજીને અભિપ્રાયની ભક્તિમાં ભળી ગયાં તો નારી ઉત્થાનના આધ્યાત્મિક નૂતન ક્રાંતિકારી યુગકાર્યમાં, એકાંતિક ધર્મ સિદ્ધ કરવા આવતા બહેનોને મમ્મીજીની હૂંફ મળી. કાર્ય સરળ અને સુગમતાથી આગળ વિકસ્યું ને વટવૃક્ષ સર્જાઈ ગયું. એવા પ્રભુની નિમિત્ત સેવામાં સહભાગી બનનાર મમ્મીજીનો પ્રાગટ્યદિન તા.૭.૧૦.૨૦૨૧ના ઉજવ્યો.



આવાહ્ન શ્લોક બાદ ગુરુહરિ પપ્પાજી, મમ્મીજી અને સ્વરૂપોને હાર અર્પણ કર્યા. ત્યારબાદ મમ્મીજીના માહાત્મ્યગાન કર્યા તેનો સાર માણીએ.

**પૂ.મધુબેન :** પપ્પાજીએ બહુ જ કૃપા કરી, એવા સંજોગો ગોઠવીને તારદેવમાં મને મૂકી દીધી. મમ્મીજીને તેમની રૂમમાં પોતુ મારવાનું હોય તો મને કહે. સાંજે પટેલ રૂબીમાંથી આવું ત્યારે તેમના પગ દુઃખતા હોય તો માલિશ કરાવતાં. આમ મને માલિશ કરતા તેમણે શીખવાડ્યું. દેહભાવનું તોડનફોડન થતું હોય ત્યારે મમ્મીજીની મને હૂંફ લાગતી હતી. બપોરે નોકરી પરથી આવું ત્યારે જમવાનું ધ્યાન રાખે. મમ્મીજીને કાંઈ થાય તો મને પણ તેમની ખૂબ લાગણી થતી. મમ્મીજી ખૂબ મૌન. તેમની ધીરજ જોઈને નવાઈ લાગે. મમ્મીજી કહેતા કે, શાસ્ત્રીમહારાજની આપેલી માળા મેં ફેરવી તેનાથી પપ્પાજીના આ કાર્યમાં ભળવાનું મને ખૂબ બળ મળી ગયું. મમ્મીજી પણ સાધુ જેવું જ જીવન જીવ્યા. ચોકસાઈ, ચીવટાઈ મમ્મીજીને બહુ ગમે.

પપ્પાજી કોઈને દુઃખી નથી રાખતા. જડ જેવાને ચેતન બનાવે. ગુરુ પણ આપે ને હૂંફ આપે એવું પાત્ર પણ આપે. મમ્મીજી એવા ઉત્તમ હતા તો કાંઈ પૂછવાનો વિચાર પણ આવ્યો નથી. પપ્પાજીને સાથ આપે એવું ચૈતન્ય એટલે મમ્મીજી સાથે લગ્ન થયા તેમાં આપણે બધા ફાવી ગયા. મમ્મીજી અખંડ જપયજ્ઞ કરતા જ હોય. મમ્મીજી અને સ્વરૂપોના જીવનમાં પપ્પાજી સિવાય કાંઈ ન હતું એટલે જીવન જીવવાનો ઉત્સાહ આવી જતો. એવા મમ્મીજીને જેટલા વંદન કરીએ તેટલા ઓછાં છે.

પ્રભુકૃપા તરફથી મમ્મીજીને હાર અર્પણ

પૂ.જયાબેન ચિતલિયા અને સ્વરૂપોને પુષ્પગુચ્છ પૂ.ગોદાવરીબેન ચપલાએ અર્પણ કર્યા.

**પૂ.ગોદાવરીબેન ચપલા :** સમૈયો હોય ત્યારે કાકાજી, ગોરધનકાકા આવે ત્યારે મમ્મીજી ખૂબ સરસ તૈયારી કરાવતાં ને કહેતાં કે આપણે સરસ સેવા કરીએ તો પપ્પાજી રાજી થઈ જાય. પપ્પાજીની સેવા કરીએ તેવી જ આ સ્વરૂપોની સેવા કરાવે. ડીસીપ્લીન પણ શીખવે. ખૂબ જતન કરે. મમ્મીજીના પગ દુઃખે એટલે માલીશ કરાવે. પપ્પાજીની આફ્રિકાની વાતો કરે. પપ્પાજી લંડન જાય ત્યારે મમ્મી બહેનોને બોલાવીને જમાડતાં. ગૃહસ્થ ભાભીઓને પણ ખૂબ મહિમા ગાતા. બહેનોનું, જ્યોતનું મમ્મીજીએ ખૂબ જતન કર્યું છે. મમ્મીજીના ચોકસાઈ, ચીવટાઈના ગુણ મારામાં આવી જાય તે જ પ્રાર્થના.

ત્યારબાદ પ.પૂ.દીદી રચિત 'દીધી દીધી દીધી તેં મને જન્મોજન્મની ભેટ રે...' ભજન ગવાયું.

**પૂ.મંજુબેન ફળદુ :** શ્રીજી મહારાજે આ જોડી અક્ષરધામમાંથી મોકલી હશે. બહેનોનું કાર્ય કરાવવાનું હતું તો એવું જ પાત્ર પપ્પાજીને આપે ને ! શરૂઆતમાં હું આવી ત્યારે પ્રભુકૃપાની સેવામાં જવાનું હતું. સેવા કરીએ એટલે પ્રસંગ બને ત્યારે તારાબેન સૂઝ આપે. મમ્મીજીની પણ પ્રસન્ન દૃષ્ટિ હતી. મમ્મીજી કહેતાં કે, 'કાંઈપણ હશે તો હું તને વઢીશ. પણ તારે ખોટું નહીં લગાડવાનું. પછી તો મમ્મીજીની પણ લાડકી થઈ ગઈ. ટાણે ટાણે પપ્પાજીની સેવા એકદમ સરસ થાય તેની કાળજી રખાવતાં. અમે જે કાંઈ સેવા કરતા હોઈએ તેમાં સાથે જ રહે. દરેક સેવા કેવી રીતે કરવી તેની સરસ સૂઝ આપે.

દરેક મુક્તોનું ખૂબ માહાત્મ્ય. સ્મૃતિ કરાવે, નાસ્તો કરાવે વગેરે. પપ્પાજીને તો સાથ આપ્યો પણ મુક્તોની પણ પપ્પાજીનું સ્વરૂપ માની સેવા કરી. મમ્મીજીને સ્વભજનની પણ ખૂબ ટેવ. મમ્મીજીએ આટલા બધાને સમાવ્યા તો પ્રસંગ તો આવતા જ હશે ને પણ ભજનથી શમાવ્યું.

અમારા બધા માટે ભજન, પ્રાર્થના કર્યા જ છે. પળેપળ ધ્યેયની સભાનતા રાખતા થઈ જઈએ ને તમે, પપ્પાજી અને સ્વરૂપો રાજી થાવ તેવી પ્રાર્થના.

**પૂ.સંગીતાબેન વિઠલાણી :** એકવાર પપ્પાજી લંડનથી પધાર્યા ત્યારે 'અહો ભવ્ય દર્શન...' એ ભજન પર મેં સ્વાગત નૃત્ય કર્યું હતું. ત્યારથી મમ્મીજી મને 'અહો ભવ્ય દર્શન' એ નામે જ બોલાવતા. ઘણીવાર અમને પ્રભુકૃપામાં બોલાવતા ને સ્મૃતિની વાતો કરતા. આફ્રિકા રહેતા ત્યારે પપ્પાજીએ શું પહેરવું તે મમ્મીજી નક્કી કરતાં. તૈયાર કપડાં મમ્મીજીને ન ગમે. તો કુપન ભેગી કરીને કપડાં સીવવાનો સંચો લીધો ને કપડું પસંદ કરી જાતે સીવતા. પપ્પાજીને બધું ટાઈમસર જોઈએ તો સવારથી તેમની બધી વસ્તુ એકદમ રેડી જ હોય. એકવાર મમ્મીજીને પૂછયું કે 'પપ્પાજીને તમે કરો તે બધું ગમે જ ?' તો મમ્મીજી કહે, 'આપણે એવું કંઈ કરીએ જ શું કામ કે એમને ન ગમે.'

આમ મમ્મીજીએ પપ્પાજીની દરેક રુચિમાં ભળી, મૌન રહી સંતો, બહેનો, યુવકોની સેવા કરી લીધી. અમે પણ સ્વરૂપોને રાજી કરી લઈએ એ જ પ્રાર્થના.

**પૂ.નેહલબેન દવે :** મમ્મીજીનો પ્રાગટ્યદિન હોય તો અમુક સ્મૃતિઓ તો થઈ જ જાય. અમે ઘરે હતા ત્યારે સેવા કરવા આવતા. દયાબેને ઝાડુ, પોતુ સરસ રીતે કરતા શીખવેલું. પછી અમારે પ્રભુકૃપામાં સેવા કરવાની હતી. ત્યારે મમ્મીજી માહાત્મ્યથી સેવા કરતા શીખવે. મમ્મીજી સીવવાનો જે સંચો આફ્રિકાથી લાવેલા તે અત્યારે સ્મૃતિમંદિરમાં છે. તેવી જ રીતે પપ્પાજીએ એક સાડી મમ્મીજી માટે લીધી હશે તે પ્રસાદીની સાડી પણ છે. ઉનાળામાં પપ્પાજી વરંડામાં ભાઈઓની સભામાં બેઠા હોય ત્યારે પપ્પાજીને ગરમી ન લાગે તે માટે વિંઝણો મમ્મીજીએ પોતે આઈડિયાથી બનાવેલો. તે પણ સ્મૃતિમંદિરમાં છે. મમ્મીજીની દરેક વસ્તુની સાચવણી ખૂબ જ સરસ હતી તો અત્યારે પપ્પાજીની પ્રસાદીની વસ્તુઓ દર્શન માટે આપણી પાસે છે. મમ્મીજીએ કોઈ દિવસ કાંઈપણ થયું તેને વાચા નથી આપી. મમ્મીજી જેવી ચિવટાઈ, ચોકસાઈથી સેવા કરતા એવી સેવા અમે પણ કરીએ તે જ પ્રાર્થના.



દીદી રચિત 'ચાલો ભક્તો એકસંગાથે...' ભજનમાં સૌ લીન થયા.

**આશિષપ્રદાન પ.પૂ.મમ્મીજી :** અત્યાર સુધી આપણે કાંઈ કર્યું નથી. બધું પપ્પાજીએ કરી દીધું છે. એમાં કાંઈ ખબર પડવા દીધી નથી. મૂંઝાતા તો હોઈએ પણ બોલવાનું તો નહીં ને કાંઈ પૂછવાનું નહીં ને કહેવાનું ય નહીં. એક ભજનનો જ આશરો લેવાનો એટલે બધું ય થઈ જાય. કોઈને કહેવાપણું તો હોય જ નહીં. કોને કહેવાનું ? બધા સરખેસરખા હતા. એક એ હતા તેમને પૂછાઈ એવું નહોતું. એટલે આપણી મેળે જેમ સૂઝે તેમ સેવા જ કર્યા કરવાની. હવે એટલું માગવાનું છે કે જે કંઈ તમારી દષ્ટિએ લાગતું હોય કે આ કરવા જેવું છે ને આટલું બાકી છે એટલું પૂરુ કરી આપે એ જ પ્રાર્થના.

**આશિષપ્રદાન ગુરુહરિ પપ્પાજી મહારાજ:** યોગીજી મહારાજ બહુ ભવ્ય સ્વરૂપ પધાર્યું. તો આખા ને આખા કુટુંબ એકાંતિક થઈ ગયા તેનો સાકાર દાખલો મમ્મી. દિવ્યભાવ રાખી ખમવું ને આંતરિક વફાદારી એ મમ્મીજીના ખાસ ગુણ. મમ્મીજીનું કોઈ દિવસ સાચવવું ન પડે. એકધારું ગરજુ થઈને જીવ્યા. તારદેવ આવ્યા પછી એકધારી સેવા ને ખૂબ જ ભીડો. તે વખતે સમતા રાખીને જીવવું તે ખૂબ અઘરું. જે બધા ખમ્યા તે આધ્યાત્મિક સમતામાં રહેતા થઈ ગયા. જાણપણું આવી ગયું કે ભગવાન અમારો દેવતા વાપરે છે તેવું માનીને વર્ત્યા તો સુખિયા થઈ ગયાં. આત્મબુદ્ધિ ને પ્રીતિનું સાકાર સેમ્પલ એટલે મમ્મીજી.

ભગવાન ને ભગવાનના ભક્તોનો મહિમા સમજી નિર્દોષબુદ્ધિ રાખીને ખમ્યા તો સ્થિતિ થઈ ગઈ. સંતો, બહેનો, યુવકોની સેવા કરી. મમ્મીજી દરેક વાતમાં ભળી ગયા. મમ્મીજીની જેમ ધીરજ રાખીને સેવા કર્યા કરીએ તો છેવટે અપાર શાંતિની સ્થિતિ આવે છે. અત્યારે તો બધા ધસારાબંધ જઈ શકે તેવા સંજોગો છે. બસ, ખમવા જેવું લાગે છે ત્યાં સ્વામી સ્વામી કરો. અમહિમાની વાત નહીં. મમ્મીએ ફરિયાદ કરી નથી. અંતરથી ફરિયાદ કરી હોત તો બાપા અમારું છૂટું કરી નાખત. બસ નિર્દોષબુદ્ધિ રાખીને સેવા કર્યા કરીએ તેવા બા-બેન આશીર્વાદ આપે તે જ પ્રાર્થના.

**આશિષપ્રદાન પ.પૂ.દીદી :** આવા સ્વરૂપના દર્શન એ પણ આપણા નસીબમાં હોય તો જ થાય. કારણ સાક્ષાત્ પ્રભુ એનો સંકલ્પ પૂરો કરવા ગૃહસ્થી બને ને ગૃહસ્થીના ધર્મ બજાવે એ મમ્મીજી કેવા ઉત્તમ હશે ! અમે મમ્મીજી સાથે મુંબઈમાં બહુ રહ્યા છીએ. વર્ષમાં એકવાર મમ્મીજી નડિયાદ આવે, અમદાવાદ જાય, સાડલા ખરીદે. મુંબઈ આવે એટલે પલંગ પર બધુ મૂકે. અમને બોલાવે ને પપ્પાજી કહે આમાંથી તમને જે જોઈએ તે લઈ લ્યો. પપ્પાજી એકવાર મમ્મીજી માટે સાડી લાવેલા તે મમ્મીજીએ પહેરેલી ને અમેય પહેરેલી. મમ્મીજી બહુ ઉત્તમ, ઉદાર ને ખાનદાન. અમને બધાને સમાવીને રહ્યા.

પપ્પાજીને જ્યારે વડોદરા હૉસ્પિટલમાં દાખલ કર્યા હતા ત્યારે પપ્પાજી માટે વીમુમાસીને ત્યાંથી નટુકાકાના નવા પાયજામા લઈ આવી ને મમ્મીજીને બતાવ્યા ને કહ્યું કે પપ્પાજીને આ પહેરાવીએ ?' ત્યારે મમ્મીજી ખૂબ રાજી થઈ ગયા. એવા મમ્મીજીને જેટલા પ્રણામ કરીએ એટલા ઓછા છે.

આમ પ્રાર્થનાભાવ સાથે સમૈયાનું સમાપન થયું.

તા.૧૪–૧૫.૧૦.૨૦૨૧

## પૂ.હેમાબેનના હીરક – ગુરુવંદના પર્વની ઉજવણી...

ગુણાતીત જ્યોતમાં ગુરુહરિ પપ્પાજીના યુગકાર્ય સ્વરૂપોના માહાત્મ્ય ઉત્સવો થતાં રહે છે. એમાંના પ્રથમ ૫૧ બહેનોમાં આવેલ પ.પૂ.હેમાબેનના ગુરુવંદના પર્વની ઉજવણી તા.૧૪ અને તા.૧૫.૧૦.૨૦૨૧ના દિવસોમાં પ્રત્યક્ષરૂપે માણી. જેમાં ૮૦મા પ્રાગટ્યને ભક્તિ ઉત્સવરૂપે અને સાક્ષાત્કાર અનુભૂતિનું હીરક વર્ષ સમાઈ ગયું. કેવો ભવ્ય સુમેળ આ પર્વમાં ગુંથાયો. બ્રાહ્મણ કુળ, સત્સંગપ્રધાન, શાંત પ્રકૃતિ, સરળતા, સાદાઈ સાથે બુદ્ધિપ્રધાન તંત્રમાં ભગવાનનું સ્થાન પામ્યાં. તેઓ દેહ ને મનની સર્વ કસોટીમાં ગુરુ–ગુરુહરિના શાસન હેઠળ, નિર્દોષબુદ્ધિ ને સેવા, ભજનનો માર્ગ લઈ આત્મારૂપે જીવન જીવ્યા. એવાં હેમાબેનને અંતરથી વંદન.



આ ઉત્સવ પ્રારંભે પ્રસંગલક્ષી બેજ સ્વરૂપોને અર્પણ કર્યાં. પૂ.હેમાબેનને સાધકો તરફથી પૂજન, પ્રાર્થનાદીપ, સ્વાધ્યાય, સ્વાગત, હાર, પુષ્પગુચ્છ કંઠી, આનંદ, સન્માનભાવ અર્પણ થયા. પુસ્તકોના આકારની કેકમાં પપ્પાજીનું બ્રહ્મસૂત્ર 'પ્રથમ પ્રભુ પછી પગલું.' શોભતું હતું. સાથે સાથે તેમની ભક્તિના પ્રતીકોનું દર્શન કરાવતું કાર્ડ અર્પણ થયું. ને હેમાબેનને ગમતો સ્વાધ્યાયનો, સ્મૃતિભાવ દીદીકિરણ – પ્રકાશનના મુક્તોએ અર્પણ કર્યો. તેમ જ તેમના આશ્રિત ભક્તોએ અનુભવોનું દર્શન કરાવ્યું તે માણીએ.

પૂ.નિજ્ઞા પટેલે (યુ.કે.) હેમાબાના બર્થડેની જય બોલાવી 'નાના નાના દિલમાં પપ્પાજીનો વાસ...' તેના પર નૃત્ય દ્વારા પોતાનો ભાવ રજૂ કર્યો.



પૂ.અલ્પાબેન પટેલ (યુ.કે.) : ૧૯૮૧માં પહેલીવાર મમ્મી સાથે ઈંડિયા આવી ત્યારે હું ૪।। વર્ષની હતી. હેમાબેન રોજ વાર્તા કરતા. જ્યારે ઈંડિયા આવું ત્યારે મને શું ગમે તેનું ખૂબ ધ્યાન રાખે. હેમાબેન મારા જીવનમાં ખૂબ અગત્યનું પાત્ર છે.

હેમાબેન માટે બે શબ્દ મનમાં આવે છે કે રાંક અને મા. ૨૦૦૧માં હું ને મમ્મી અમે ફરવા ગયા હતા. તો દરેક જગ્યાએ એમનો ફોન આવતો કે અમે બરાબર છીએ ને. તેમના પ્રાગટ્યપર્વે પપ્પાજીને પ્રાર્થના કે, હેમાબેન અને સર્વ સ્વરૂપોની તબિયત સરસ રાખજો. એમને ગમે તેવું જીવન થઈ જાય તેવી પ્રાર્થના.

પૂ.યોગીતાબેન પટેલ : હેમાબેનના આશીર્વાદથી હરિજયંતીના દિને મારે ત્યાં દીકરીનો જન્મ થયો. હેમાબેને તેનું નામ હરિની રાખ્યું છે. દીકરીના જન્મ પછી થોડા દિવસમાં મને કોરોના થયો. મને ચિંતા થઈ ગઈ. હેમાબેનને વાત કરી કે રક્ષા કરજો... તેમણે ખૂબ બળ આપી દીધું ને મને ઘરે જ ટ્રીટમેંટ આપી ને સરસ થઈ ગયું. મારા પતિ કશ્યપ સરકારી હૉસ્પિટલમાં ડૉક્ટર છે. તેઓએ કોરોનાના દર્દીઓની સારવાર કરી. તેમાં તેમને પોતાને કોરોના થયો. હૉસ્પિટલમાં જગ્યા નહોતી મળતી. તે પણ હેમાબેનની પ્રાર્થનાથી મળી ગઈ. ઈંજેકશન મળી ગયા ને સારું થઈ ગયું.

મારા સસરાની બદલી થઈ તેમને મૂકીને કશ્યપભાઈ ગાડીમાં પાછા આવતા હતા. મને અચાનક અંતરમાં ખૂબ ચિંતા થવા લાગી તેથી હેમાબેનને સંભારીને ધૂન કરતી હતી. ને બન્યું પણ એવું કે વહેલી સવારે ગાડીનો એક્સીડન્ટ થયો પણ રક્ષા થઈ ગઈ. પપ્પાજીને પ્રાર્થના છે કે અમે પ્રગતિ કરતા રહીએ, તમે અમારી સાથે રહેજો ને હેમાબેનને સ્વસ્થ રાખજો.

**પૂ.જુહીબેન વ્યાસ :** 'ગુરુ ગોવિંદ દોનો ખડે...' એ શ્લોકનો મારા મનમાં ખૂબ મતલબ છે. તેની શરૂઆત મારા લગ્ન પછી થઈ. હેમાબેને મને ભગવાનનો પરિચય કરાવ્યો. જ્યોતિબેન સાથે મેળાપ કરાવી દીધો. પપ્પાજીના સૂત્રો પ્રમાણે જીવન કેવી રીતે જીવવું તે શીખવ્યું. અત્યારે અમે એવું જીવન જીવી રહ્યા છીએ તેનો યશ હેમાબેનને જાય છે. અમારા જીવનમાં જ્યારે કાંઈક ઓછપ કે નેગેટીવીટી લાગતી હોય ત્યારે હેમાબેનનો સામેથી ફોન આવે ને જાણે બધા નેગેટીવ તત્ત્વો ટળી જાય છે. તેમનો શીતળ હસ્ત મસ્તક પર ફરે ને શાંતિ થઈ જાય છે. ભજન એ કરે છે ને ફળ અમે ભોગવીએ છીએ.

હેમાબેન તમારા આશીર્વાદ વરસાવજો કે પપ્પાજીના સૂત્રો અમે વર્તનમાં લાવીએ. જે હેતુથી આ મનુષ્યદેહ મળ્યો છે તે સાર્થક કરીએ. લૌકિક પ્રગતિ નહીં પણ આધ્યાત્મિકતામાં પ્રગતિ કરીએ. તમને ગમે તેવું જીવન જીવતા થઈ જઈએ.

**પૂ.ભાવેશભાઈ પટેલ :** પપ્પાજી, જ્યોતિબેન, હેમાબેને મારા જીવનમાં ખૂબ કામ કર્યું છે. તેમના સંકલ્પે જીવનમાં કાર્ય થયું છે. હું વિદ્યાનગર ભણતો ત્યારે એમણે પપ્પાજીનું માહાત્મ્ય સમજાવ્યું. પપ્પાજીની સેવા કરવાનો મને લાભ મળ્યો. જીવનમાં પ્રસંગો આવતા ગયા તેમાં તેમના સંકલ્પ, ભજનથી આગળ વધતા ગયા. તેમના આશીર્વાદથી સુખી છીએ. હેમાબેનની તબિયત સરસ રહે તેવી પપ્પાજીને, જ્યોતિબાને તેમ જ સર્વે સ્વરૂપોને પ્રાર્થના.

**પૂ.માલવશ્રીબેન :** હેમાબેન ખૂબ છૂપા સંત છે. મારા જીવનમાં ગુરુ ને મા બનીને રહ્યાં. મા તરફથી જે ગાઈડન્સ, હૂંફ મળે તેવી હેમાબેન આપે છે. હમણાં જ એક દુઃખદ ઘટના બની ગઈ. મારો જુવાન દીકરો ધામમાં ગયો. અમે ખૂબ દુઃખી થઈ ગયાં. હેમાબેનને અંતરથી પોકાર કરતી હતી ને તરત જ બળ મળી જતું. લોકડાઉનના કારણે તેઓ આવી તો ન શક્યા પણ ખૂબ બળ મળ્યું. હું પપ્પાજી, જ્યોતિબેન, હેમાબેનની છું તેથી બળ મળી ગયું. જગતની હોત તો આ બળ ન મળ્યું હોત. તો હે હેમાબેન, તમે સાથે રહી અમને સાચવો છો તેમ સાચવતા રહેજો.

**પૂ.મંજુબેન ફળદુ :** હેમાબેનની પહેલેથી જ શાંત ને સાત્વિક પ્રકૃત્તિ. ખૂબ છૂપા ને સાધુ સ્વરૂપ. હું ફોટોકોપી કરવાની સેવામાં છું. એકવાર હેમાબેન પોતે ખૂબ જૂના જૂના કાગળ લઈને કોપી કરાવવા આવ્યાં ને કહે કે, આ તો આપણી મૂડી છે. આમ ખૂબ માહાત્મ્ય અને ખૂબ નિર્માની.

દીદીને પત્રલેખન, પત્રિકામાં મદદ કરે. એ સેવા જોઈ પપ્પાજી રાજી થઈ ગયા. છોકરાઓને નિર્દોષબુદ્ધિ રાખી માહાત્મ્ય સમજી ભણાવતા. દેશ-પરદેશમાં ગુણાતીત જ્ઞાનના સંદેશા હેમાબેન પત્રિકારૂપે પહોંચાડે છે. તો હે હેમાબેન ! તમારા જે ગુણ – રાંકભાવ, માહાત્મ્ય એ અમારામાં આવે તે જ પ્રાર્થના.

**પૂ.ચંદ્રિબેન ચપલા :** હેમાબેન ખૂબ નિર્માની છે. હેમાબેને કોઈ આજ્ઞા આપી હોય ને ન પળાઈ તો તરત પૂછે કે આ આજ્ઞા પળાઈ ? ચોવીસ કલાક અંતરમાં ભજન ચાલુ રાખવાનું તો કોઈનું દેખાય નહીં. મને આજ્ઞા આપી છે કે રોજ પપ્પાજીનો શ્લોક બોલી જ્યોતનાં બધાં બહેનોનાં નામ બોલવાનાં. જ્યાં સુધી એ વર્તનમાં ના આવ્યું ત્યાં સુધી ઘુંટાવ્યું. જેથી મારા મગજના બીબામાં બીજા વિચારો ના આવે.

હેમાબેન ભજન અને સંકલ્પથી કામ કરે છે. એકવાર પૂ.પ્રદીપભાઈ (યુ.એસ.એ.) અહીં આવ્યા હતા. તેમને યુ.કે. થઈ અમેરિકા જવાનું હતું. પાછા જતી વખતે તેમનું ગ્રીન કાર્ડ મુંબઈ એરપોર્ટમાં ક્યાંક પડી ગયું. હેમાબેને પપ્પાજીને પ્રાર્થના કરી. આપણા સત્સંગી ભાઈ જે એરપોર્ટ પર નોકરી કરતા'તા એમને જાણ કરી. કાર્ડ ન મળ્યું ત્યાં સુધી ભજન કર્યું. કાર્ડ તો મળી ગયું. એને લંડન કેવી રીતે પહોંચાડવું ? તો અમીતભાઈ વ્યાસ મુંબઈથી કાર્ડ લઈને વિદ્યાનગર આવ્યા ને જ્યોતિભાભી ઠકરાર તે જ દિવસે લંડન જવા નીકળવાનાં હતાં. તેમની સાથે મોકલ્યું. તો પ્રદીપભાઈને ય અંતરમાં થઈ ગયું કે ખરેખર બહેનો ભગવાનને ધારીને જીવે છે. અમે પણ ભગવાનમાં

રહેતા થઈએ ને કોઈની ભૂલ દેખાય તો નોંધીએ નહીં. તેવું બળ આપજો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.જ્યોતિબેન :** અનંત જન્મ ધરવાથી જે કામ ન થાય તે ભગવાને કરી આપ્યું. સોલીડ પરિણામ આવતું ગયું. હેમાબેનનું કુટુંબ ખૂબ માહાત્મ્યવાળું. અમે પત્રિકા બહાર પાડતા ત્યારે ધીરુભાઈ મશીન ઘરે લઈ ગયા ને છાપીને લઈ આવે. હેમાબેન, આશાબેન વગેરે એડ્રેસ લખતાં ને પોષ્ટ કરવા અમે જતાં. હેમાબેન કહે 'અમે પોષ્ટ કરી આવીશું.' પછી તે જતાં. એમ સેવાની ખૂબ ગરજ રાખતાં.

૧૯૬૬માં કસોટીએ ચડાવ્યાં. અમે તો અહીં આવી ગયા હતા. એમને 'હું મારી ઈચ્છાએ જઉં છું' એવી સહી કરવાનું કહ્યું. તો એમણે એ લખી આપ્યું. એક વખત તેમના પિતા ધીરુભાઈએ કહેલું કે અત્યારે તો માહાત્મ્ય છે પણ કોઈ વખત મારું મગજ ફરે ને હું ના પાડું તો ય તમે માનતા નહીં. હેમાબેનને આ વાત યાદ આવી ને ગુણાતીત જ્યોતમાં ભગવાન ભજવા જવામાં યોગીબાપાની મરજી જાણી આવી ગયા.

પપ્પાજીએ પ્રકાશનની સેવા સોંપી. તે સરસ રીતે કરી રહ્યાં છે. હેમાબેન ખૂબ ભજન કરે. પપ્પા હેમાબેનને કહે, 'ભજન ન કર. મારું માથું દુઃખી ગયું.' એવી ભજનની પક્કડ કે સ્વરૂપ હાલી જાય. હેમાબેનના જે ગુણ છે તે આપણા થાય તેવી પ્રાર્થના કરવાની. હેમાબેન બધાને બળ આપતા થાય તે જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દેવીબેન :** હેમાબેન સાંતાક્રુઝ ને હું પાર્લા રહું. તારદેવ જવાનું ન હોય તો હું એમના ઘરે જાઉં. એમાં મને ખૂબ આનંદ આવતો. હેમાબેન મા જેવાં છે. મંદિર પાસે ચીકુનું ઝાડ હતું. ચીકુ થાય એટલે હેમાબેન જ્યુસ બનાવીને બધાને પીવડાવતાં.

આધ્યાત્મિક રીતે પપ્પાજીનો રાજીપો મેળવી લીધો. જે ઘરમાં ઉછર્યા ત્યાંથી રજા નો'તી મળતી. પણ મમ્મીજીના વચને તે જ દિવસે નીકળી ગયા. વિદ્યાનગર આવી ગયા.

આપણે જોઈએ તો પત્રિકાની સેવા સહેલી નથી. અઘરી વાત છે. બધી મેટર ભેગી કરવાની, વાંચવાની. પછી ફાઈનલ થાય. એ સેવા હેમાબેન કરી રહ્યાં છે.

હેમાબેને લીધેલા ચૈતન્યમાં જે વસ્તુ સિદ્ધ કરવાની તે ના આવી ત્યાં સુધી મંડ્યા જ રહ્યાં. ચીડ-ગુસ્સાથી ના કરાવ્યું તે તો સામાન્ય વાત છે. પણ પ્રાર્થનાથી, માવજતથી સમજાવીને આગળ લીધાં.

હેમાબેને પપ્પાજીની બધી જ આજ્ઞા સરસ રીતે પાળી છે ને પળાવે છે. હેમાબેને ત્યાગી-ગૃહી બધાને પપ્પાજીની નિષ્ઠા કરાવી છે. પપ્પાજી તેમની તબિયત સારી રાખે. હેમાબેન, તમે બધાંને ખૂબ સુખ આપો એ જ પ્રાર્થના.

## ૧૫.૧૦.૨૦૨૧
## હીરક – ગુરુવંદનાપર્વ – મુખ્ય સભા

હેમાબેન પ્રકાશન વિભાગ સંભાળી રહ્યા છે. તેમાં તેમનું મુખ્ય સાધન કલમ અને કાગળનું છે. તે સ્મૃતિસહ પેપરનો કલાત્મક ઉપયોગ કરીને સુશોભન કરેલું. જેમાં પુસ્તકોના મુખ્યપૃષ્ઠોથી સ્વાગત દ્વાર આવકાર આપતો હતો.

પપ્પાજી હૉલમાં પ.પૂ.જ્યોતિબેનની સ્મૃતિ કરતા પૂ.હેમાબેન સાથે પ.પૂ.દીદી અને પ.પૂ.દેવીબેનને સૌ મુક્તોએ સ્વાગત કરતા સત્કાર્યા. સ્વરૂપો સ્ટેજ પર બિરાજમાન થયા બાદ પૂ.અરૂણાબેન રચિત ભજન 'મમતાની મૂરત...' ભજન પર પૂ.પલ્લવીબેને નૃત્યથી સત્કાર્યા.

આજની સભાનું સંચાલન પૂ.બકુબેને કર્યું. તેમાં સૌ પ્રથમ આવાહ્‌ન શ્લોકથી સભાનો પ્રારંભ કર્યો. પૂ.હેમાબેને ઠાકોરજી, ગુરુહરિ પપ્પાજી તેમ જ સ્વરૂપોને હાર અર્પણ કરી પોતાનો અંતરભાવ ધર્યો. ત્યારબાદ હરિભક્તો તરફથી પુષ્પહાર, પુષ્પબુકે અર્પણ કર્યા. આમ દેશ-વિદેશના ભક્તોના હૈયામાં જે ભાવો ઉમટ્યા હતા તે સાધુ સ્વરૂપ હેમાબેને ભક્તિભાવે સ્વીકાર્યા. ત્યારબાદ માહાત્મ્યગાન થયાં તેનો સાર માણીએ.

**પૂ.હંસાબેન ગુણાતીત :** ખૂબ નસીબદાર આપણે કે આવા સ્વરૂપોની ભેટ મળી. અમે તારદેવ હતાં ત્યારથી હેમાબેન દુનિયાથી જુદા જ હતા. એમને





કાંઈ અડે જ નહીં. મુંબઈની સારી ગણાતી કોલેજ જયહિંદમાં ભણતાં પણ એમની સાદી વેશભૂષા જોઈને કોઈને ખ્યાલ ન આવે કે આ બેન આટલાં હોંશિયાર છે. પપ્પાજી વિષે સર્વોપરી ભાવ થઈ ગયો. એમના

પ્રભુમાર્ગે આગળ વધાર્યા છે. હેમાબેન ! તમારો સંકલ્પ એ મિસાઈલ છે. અમે પણ સેવાની ગરજ રાખીએ. પપ્પાજીએ ઈચ્છયું છે એમ પરમ ભાગવત સંત બનીએ. તમે બેઠા બેઠા આવા સંકલ્પની મિસાઈલ છોડતાં જ રહો એ જ તમારી મોટામાં મોટી સેવા છે ને એ કર્યા કરો એ જ પ્રાર્થના.

ત્યારબાદ પૂ.હીનાબેન વ્યાસ રચિત 'સ્નેહલ પ્રેમલ મૂરત...' ભજનમાં સૌ લીન થયાં.

પૂ.હંસાબેન પટેલ – લંડન : હું ખૂબ જ નસીબદાર. જ્યોતિબેન જેવા સત્પુરુષની દૃષ્ટિમાં આવી ગઈ. જ્યોતિબેને મને હેમાબેનનો જોગ આપ્યો. હેમાબેને જ્યોતિબેનનો મહિમા સમજાવ્યો કે, જ્યોતિબેન બહુ મોટાં છે. તેમનાં વચનો નજર સમક્ષ રાખવાં. હેમાબેનની દિનચર્યા હૃદયને સ્પર્શી જાય તેવી છે.

૧૯૭૯માં ૨૦ ઑક્ટોબરે મારા હસબન્ડ ધામમાં ગયા. ત્યારે હેમાબેનના પત્ર અને ભજનથી હું બહાર આવવા લાગી. તેવી રીતે અલ્પાનું પણ ધ્યાન રાખતાં.



મા-બાપે તારદેવનું માહાત્મ્ય રેડ્યું તે તેમણે પચાવ્યું. દર રવિવારે વેડમી, લાડુ વગેરે લઈને તારદેવ આવે. પપ્પાજીએ એમને કહેલું કે ભજન, પ્રાર્થનાથી તારા પ્રોબ્લેમ ઉકેલવા. એ વાતને હેમાબેને જીવન બનાવી દીધું. જ્યોતમાં આવ્યાં ત્યારથી પ્રકાશન વિભાગ સંભાળે છે. પપ્પાજીને જે કરાવવું હોય તે વાત પત્રિકામાં આવે જ.

અનેક ચૈતન્યો તેમ જ હરિભક્તોનું જતન કરીને

અલ્પાને પણ પત્રમાં વાર્તા લખતાં.

ઘણાં વર્ષો પહેલા મને કંઈક થતું હતું. એમાંથી બહાર નીકળવા ભજન ને પ્રાર્થનાથી પ્રયત્ન ચાલુ હતો. પણ સફળતા ન મળતા હેમાબેનને પત્ર લખ્યો કે મારા મનની તબિયત સારી નથી. એમને પત્ર મળ્યો ત્યારથી મને બળ મળી ગયું ને હું બહાર આવવા લાગી. હેમાબેન જ્યોતિબેનનું સ્વરૂપ છે. તેમના આદર્શને મારા જીવનમાં અપનાવું. તેમને જોઈએ તેવું





જીવન મારું થઈ જાય. તેમની તબિયત સરસ રહે એ જ પ્રાર્થના.

**પૂ.કામિનીબેન** : જ્યોતિબેને મને હેમાબેન ગુરુ તરીકે આપ્યા. ખૂબ જ મૌન સ્વરૂપ. તેમની પાસેથી પ્રશ્નનો જવાબ લેવો ખૂબ અઘરો છે. મારા પપ્પા બીમાર થયા ત્યારે મેં કહ્યું કે, 'પથારીવશ થઈ જશે તો?' હેમાબેન કહે કે એવું નહીં થાય. હાલતા ચાલતા જ રહેશે.' ને એવું જ થયું.

૨૦૦૩માં પપ્પાજી મૂર્તિ પ્રતિષ્ઠાના સમૈયામાં પવઈ પધાર્યા હતા. મારે વાત કરવી હતી પણ ચાન્સ નહોતો મળતો. હેમાબેન અંતર્યામીપણે કહે કે તમારે જે વાત કરવી હોય તે કરી લો. પપ્પાજીને વાત કરી કે મારે સ્મૃતિમાં રહેવું છે. ને મને આશીર્વાદ પ્રાપ્ત થયાં તેનું સુખ લઈ રહી છું એનો યશ હેમાબેનને જાય છે.

**પૂ.ગૌરવભાઈ પટેલઃ** અમારા કુટુંબના સુખ-દુઃખની પળોમાં હેમાબેન સાથે જ રહ્યાં છે. એક અનુભવની વાત કરું છું. ૩૦ નવેમ્બર, ૨૦૨૦ના મારા મેરેજ હતાં. ત્યારે કોરોના ખૂબ જ હતો. થોડા દિવસ બાકી હતા ને મને પણ કોરોના થયો. બધાને બીક લાગી કે હવે લગ્નનું શું થશે ? હેમાબેનને વાત કરી. તેમણે કહ્યું કે બધા ભજન કરો. હું પણ ધૂન કરું છું. પપ્પાજીએ ધાર્યું હશે એ જ થશે. લગ્ન કેન્સલ ના કરશો. બે વાર રીપોર્ટ કરાવ્યા તો પોઝીટીવ જ આવ્યા. હેમાબેનનું ભજન ચાલુ જ હતું. છેલ્લે ત્રણ દિવસ બાકી હતા ને રીપોર્ટ નેગેટીવ આવ્યો ને લગ્ન ધામધૂમથી થયા. હેમાબેને કહ્યું કે થઈ જશે. તો થઈ ગયું. અત્યારે અમારી સાથે રહ્યા છે તેવા આગળ ભવિષ્યમાં પણ સાથે જ રહેજો એ જ પ્રાર્થના.




'આજનો આનંદ...' ભજન પર પૂ.ક્રિતીશા અને પૂ.હેઆને ભાવ રજૂ કર્યા.

**પૂ.અમીતભાઈ વ્યાસ** : પૂ.શાંતાબેન ભટ્ટીના યોગથી ૧૯૯૫માં અમે સત્સંગમાં આવ્યા. આર્થિક સ્થિતિ સારી ન હતી. પણ જ્યોતિબેને હાથ પકડ્યો ને હેમાબેનને સોંપ્યા. પરિસ્થિતિ સુધરવા લાગી. મારે મુંબઈ પરીક્ષા આપવા જવાનું હતું. હેમાબેને કહ્યું કે તું ચિંતા ન કરીશ. હું તારી રહેવાની, જમવાની સગવડ જ્યોતિબેનને પૂછીને કરી દઈશ. અને બોરીવલી જ્યોતમાં બધું જ સરસ









ગોઠવી દીધું ને બધું જ સરળ થઈ ગયું. પોતે સદ્‌ગુરુ સ્વરૂપ છતાં આવું જતન કરે એ મારા નસીબ જ ને!

મારા સર્ટીફીકેટ આવ્યા પછી હું ક્યાંય નોકરીમાં ટકતો નહીં. મેં કહ્યું કે મારા રસની નોકરી નથી એટલે મને કંટાળો આવે છે. હેમાબેને પરેશભાઈને વાત કરી લીલાવતી હૉસ્પિટલમાં જોબ મળી ને ત્યાંથી અત્યારે મને ગમે તેવી જોબ મળી ગઈ.

મારી વાઈફ પંજાબી છે. અમારું કલ્ચર અલગ છે પણ તેને કોઈ પ્રશ્ન નથી. કોઈપણ સમસ્યા હોય તો હેમાબેનનો સામેથી ફોન આવે. હેમાબેનના ધૂન, ભજનથી અમારું ફેમીલી સુખી છે. તો હવે તેમને ગમે તેવું વર્તન કરી શકીએ એવી પ્રાર્થના.

**પૂ.રજવંતીમામી :** મારા જીવનમાં હેમાબેને ગુરુ સ્વરૂપે કાર્ય કર્યું છે. ભગવાનની નજીક ગયા ને જીવન બદલાયું. હેમાબેન ખૂબ જ રાંક. તેમની ભજનની રીત ખૂબ અનોખી છે. હેમાબેન કાગળમાં પપ્પાજીનું વર્ણન લખતા ને મને પપ્પાજીમય રાખતા.

એકવાર અમારા એક ભાઈને જેલમાં જવાનું થયું. હેમાબેન ભજન, ધૂન કરીને મને ચોકલેટ આપતા તે જેલમાં મળવા જવાનું થાય ત્યારે તે ભાઈને આપવાની. આમ તેમના સંકલ્પથી ટૂંક સમયમાં તે નિર્દોષ છૂટી ગયા. બીજું મેં બ્લોક લીધો છે ત્યાં ઝાડને લીધે ઘરમાં અંધારું લાગતું હતું. મેં હેમાબેનને વાત કરી તો કહે કે ભજન કરીએ. ને ઝાડનું મોટું ડાળખું તૂટી ગયું. ને ઘરમાં પ્રકાશ આવવા લાગ્યો. ધન્ય છે આવા ગુરુને અને એમણે સેવેલા આ ભગવાનને કે સંકલ્પે કામ કરે ને આનંદ આપણને મળતો જાય. આવી રીતે અમારા આત્માનું પણ કરી આપજો. પપ્પાજી તમારી હેલ્થ સારી રાખે ને જે રીતે આપ રાજી થાવ એવું જીવતા થઈ જઈએ એ જ પ્રાર્થના.

ત્યાર બાદ હેમાબેનને કેકભાવ અર્પણ કર્યો.




**પૂ.પ્રવીણાબેન ગોહીલ :** હેમાબેનના શરણે આવેલા ભક્તોના અનુભવ સાંભળીને સમજાય કે ચૈતન્યોમાં હેમાબેને કેવું કામ કર્યું છે ! જ્યોતિબેનનું માહાત્મ્ય ગાઈ બધાને સેવી રહ્યાં છે. પપ્પાજી મહિમા સમજાવા માટે જ આવા સમૈયા કરાવતા. હેમાબેન ખૂબ નિર્માની ને રાંક છે. જ્યારે બીમાર થયા ત્યારે મને સેવાનો ચાન્સ મળ્યો. ત્યારે પણ એટલો જ રાંકભાવ. કંઈપણ વાત કરીએ તો પોઝીટીવમાં જ લઈ જાય. જ્યોતિબેન સાથે જ છે એવું સહજ લાગે.

એકવાર મને અંતરમાં અસુખ લાગતું હતું. એટલે હું જપયજ્ઞના હૉલમાં જઈને પ્રાર્થના કરતી'તી. ત્યાંથી હેમાબેન પસાર થયા ને મારા માથા પર હાથ મૂક્યો ને બધા વિચારો શમી ગયા. મન શાંત થઈ ગયું. આમ જ્યોતિબેન વ્યાપક સ્વરૂપે સાથે રહ્યાં છે.

બસ આજે એવી પ્રાર્થના છે કે ક્યારે ય દાસત્વભક્તિ ચૂકાય નહીં. 'હું કંઈક છું' એવો અહમ્





ન આવી જાય. તમારી જેમ ભગવાનને ધારીને જીવવું છે. એવા અમને કરી આપજો એ જ પ્રાર્થના.

**આશીર્દાન પ.પૂ.દીદી** : ભગવાન સાથે જોડાવાની અને સાધના કરવાની બધાની રીત જુદી જુદી હોય. પપ્પાજીને એમની સાથેનો સંબંધ વઢવાનો હતો. કેન્સર જેવો રોગ પણ પપ્પાજીએ એમને મૂક્યો. મૂકનારા એ જ, રક્ષા કરનાર પણ એ જ. થોડા વખત પહેલા તેમને હાર્ટની બીમારી આવી. તેમાંય સરસ થઈ ગયું. એ પપ્પાજીની કૃપા જ. જ્યોતમાં આવતા પહેલા તેમના કુટુંબ પાસે જોગીબાપા, કાકાજી-પપ્પાજીએ પણ ખૂબ સેવા કરાવી. જોગીબાપાના આશિષ કે ગુણાતીત જ્ઞાનના સંદેશા અહીંથી ફેલાશે. તે સેવા પત્રિકા સ્વરૂપે હેમાબેન કરી રહ્યાં છે. અંતરમાં ખૂબ આનંદ થાય છે. બે મોટી બીમારીમાંથી પપ્પાજીએ હેમાબેનને કેવા પાર ઉતાર્યા ! હેમાબેનનો આજે ભક્તિ ઉત્સવ. પપ્પાજીના ભક્તિ ઉત્સવની સ્મૃતિ થઈ જાય છે. બસ આપણે સૌએ ભગવાન ભજવા જ છે. ધ્યેય સિદ્ધ ના થાય ત્યાં સુધી જંપવાનું જ નહીં. પપ્પાજીને પ્રાર્થના છે કે અમારી સાથે રહેજો. અમે સહજ સ્મૃતિ કરી શકીએ તેવું બળ આપજો.

**પૂ.હેમાબેન** : આપણને ગુણાતીત સ્વરૂપો પપ્પાજીએ આપ્યા. મુખ્ય પાયામાં આ ચાર સ્વરૂપો છે. અનેક ચૈતન્યોને આગળ લેવા માટે ખૂબ શ્રમ કર્યો છે. દીદીએ પ્રકાશનમાં ખૂબ જ કાર્ય કર્યું છે. મેં તો એમના કાર્યમાં સાથ આપ્યો છે. દરેક સેવાક્ષેત્રમાં બહેનો પોતાની પ્રગતિ કરવા માટે ઉત્તમ ભાવનાથી સેવા બજાવે છે. પપ્પાજીનો સિદ્ધાંત છે કે, સંબંધવાળામાં મહારાજ જુઓ ને માહાત્મ્યેયુક્ત સેવા કરી લ્યો. પપ્પાજી ને સ્વરૂપોને આ કરાવવું છે. ભગવાન ધારીને સ્વરૂપોને ગમે તેવું જીવતા થઈ જઈએ. સ્વરૂપોની મરજીમાં વર્તી તેમને પ્રસન્ન કરી શકીએ તે જ પ્રાર્થના.

**આશીર્દાન ગુરુહરિ પપ્પાજી મહારાજ** : હેમાબેન એટલે પ્રખર બુદ્ધિશાળી. હેમાબેને માહાત્મ્ય જાણ્યું ને જોડાયા. આપણે તો ગુરુને શોધવા સુધી જ બુદ્ધિ વાપરવાની. પછી બે હાથ જોડી કહે તેમ કરવામાં જ બુદ્ધિ વાપરવાની. જે હેમાબેને વાપરી. હેમાબેને ખૂબ લડત લીધી છે. તેમના પર રાજી થઈ જવાય તેવા મન વગરના. જે કંઈ થઈ રહ્યું છે તે જરૂરિયાતનું છે તેવું હેમાબેન માનતા. તેવું આપણે માનતા થઈએ. હેમાબેન પ્રકાશનનું ટોપ સંચાલન કરી રહ્યાં છે. જોવાપણું ન રહે. સમાજની સેવા કરે છે. મન પરોવીને તે કરે છે તે તેમના માટે ભજન છે.

હેમાબેન ખમ્યાં, નમ્યાં ને નિર્દોષબુદ્ધિ ના છોડી. મુંબઈથી નીકળ્યા ત્યારે છેલ્લી ઘડીએ બધું છોડી પ્રભુને રાખ્યા. જેટલી સ્વરૂપને નિશ્ચિંતતા કરીએ તેટલી પ્રાપ્તિ થશે. સ્વરૂપો રાજી થાય તેવું જીવન જીવાય તેવા હેમાબેન આશીર્વાદ વરસાવે તે જ પ્રાર્થના.

અંતમાં હોમાઈ જવાની ભાવના વ્યક્ત કરતા પ્રકાશિત હીરકદીપ સ્વરૂપોને અર્પણ કરી સાધકોએ પ્રાર્થનાગાન કર્યા ને જયઘોષ સાથે સભાનું સમાપન કર્યું.

## તા.૧.૧૦.૨૦૨૧ : જન આશીર્વાદ યાત્રા...










શ્રીમતી મનિષાબેન રાજીવભાઈ વકીલ કે જેઓ ૧૩મી ગુજરાત વિધાનસભાના સભ્ય છે. મહિલા અને બાળ વિકાસ ખાતાના તેઓ હાલમાં મંત્રી છે. અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ., બી.એડ. કરી ઉચ્ચ શિક્ષણ તેઓએ લીધું છે.

વડોદરા મત વિસ્તારમાંથી ચૂંટાયેલા છે. તેઓએ તા.૧લી ઓક્ટોબર ૨૦૨૧ના જન આશીર્વાદ યાત્રાની ભારતીય જનતા પાર્ટી તરફથી વિદ્યાનગરમાં યોજેલી રેલીમાં શ્રી ગુણાતીત જ્યોત મહિલા કેન્દ્રની મુલાકાત લીધી. મંદિરમાં શ્રી ઠાકોજી મહારાજ, ગુરુહરિ પપ્પાજી મહારાજ તથા બિરાજેલ સૌ સ્વરૂપોનાં દર્શન કરી ભાવ વિભોર બન્યા હતા.

ખૂબ વિનમ્ર એવાં શ્રી મનિષાબેનના મુખમાંથી પ.પૂ.દીદી પાસે શબ્દો સરી પડ્યા કે, 'પપ્પાજીની મૂર્તિમાંથી નીકળતા આંદોલનો જાણે મને સ્પર્શી રહ્યા છે એવું મને લાગે છે.'

આવા ભક્ત હૃદય શિક્ષિત છતાં વિનમ્ર એવાં શ્રી મનિષાબેને શ્રી ગુણાતીત જ્યોત મહિલા કેન્દ્રની મુલાકાત લીધી તે બદલ અમે તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

જનતાના પ્રતિનિધિ તરીકે એમના હસ્તે જનહિતના, વિકાસના કાર્યો થતા જ રહે. એમાં તેઓ સર્વ રીતે સફળ રહે એવી શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, ગુરુહરિ પપ્પાજી મહારાજ અને સર્વે સ્વરૂપોના ચરણે પ્રાર્થના.

## પ્રભુ સાંનિધ્યે બિરાજ્યા...

**★ માણેકપુર મંડળના હાલ વલસાડ નિવાસી પૂ.જયચંદભાઈ તા.૩૦.૯.૨૦૨૧ના અક્ષરનિવાસી થયા છે.**



જયચંદ્રભાઈ એટલે અનન્ય નિષ્ઠાવાન એકાંતિક ભક્ત. માણેકપુર ગામમાં પહેલેથી સ્વામિનારાયણનો સત્સંગ. પૂ.જયચંદભાઈના દાદાએ મંદિરના નિર્વાહ માટે ૪૦ એકર જમીન આપી અને ટ્રસ્ટ બનાવ્યું હતું. અને તેનું સંચાલન પૂ.જયચંદ્રભાઈ જ કરતા. તેમના મોસાળ પક્ષે પણ સ્વામિનારાયણનું મંદિર નારગોલમાં બનાવ્યું હતું. જેનો ભક્તિભાવનો વારસો એમને એવો મળ્યો હતો કે પૂ.જયચંદભાઈ ચુસ્ત ધર્મપાલક હતા. ખૂબ સિધ્ધાંતવાદી અને શિસ્તપાલક. તો દયાળુ પણ એટલાં જ હતા. કોઈનું દુઃખ સહન ન થાય. પોતે મામલતદારના હોદા પર હતા અને તેમના હાથ નીચે કામ કરનારા પાસે ઘરે જવાના પૈસા ના હોય તો પોતાની પાસેથી આપતા. કપરાળાની ઓફિસના કામદારો તો હજુ કહે કે 'ગોરા સાહેબ' જેવા કોઈ સાહેબ નહીં.

સત્સંગમાં પણ સંતો અને બેનોની એટલી જ સેવા કરે. જ્યારથી પ.પૂ.પપ્પાજી મળ્યા અને પ્રભુ તરીકે મનાયા ત્યારથી તેમના જીવનમાં ખૂબ પરિવર્તન આવ્યું. પ.પૂ.જસુબેનને 'ચૈતન્ય મા'નું સ્થાન આપ્યું ને જેથી તેમના એક એક શબ્દને ધ્યાનથી સાંભળી વર્તન બનાવતા. કોઈ દિવસ કોઈની માટે અભાવ, અવગુણની વાત ન કરે. સામી વ્યક્તિ વિરોધ કરનારી હોય તો પણ તેને માટે તેનું ભલું જ ઈચ્છતા. કોઈના માટે ભૂંડો ઘાટ ન કરે.

જયચંદભાઈએ વાડ, ગેજ, સરીગામ, મરોલી, ગુંદલાવ, નારગોલ, ખેરગામ, ધરમપુર, કપરાળા બધા ગામોમાં સત્સંગ કરાવ્યો. કર્મયોગી સાધુ તરીકે જીવ્યાં. પોતાની વાડીમાં ઓર્ગેનીક કેરી જ ઉગાડે અને એમાંથી પહેલા જ્યોતમાં બહેનો, ભાઈઓ, સંતો માટે મોકલે.

છેલ્લા છ મહિનાથી તો તેમનું જીવન એકદમ જુદુ થઈ ગયું હતું. એકદમ શાંતચિત્તે પ્રાર્થના, પૂજા, આધ્યાત્મિક પુસ્તકોનો સ્વાધ્યાય અને આધ્યાત્મિક કેસેટોમાં પ્રભુદર્શન, નિત્ય સવારે જ્યોતમાંથી મોકલાવેલ પ્રભુ પરાવાણીનું દર્શન, શ્રવણ કરતા. સ્વામિનારાયણ સંપ્રદાયના દરેક પુસ્તકોની મોટી લાયબ્રેરી બનાવી છે. પણ દરેક પુસ્તકમાં પ.પૂ.પપ્પાજીની મૂર્તિ તેમણે મૂકી. તેમને મનાઈ ગયું હતું કે આ જ મારા આત્માના ઉધ્ધારક અને પરબ્રહ્મ તત્ત્વધારક છે.


પોતાનો આધ્યાત્મિક વારસો પોતાના પરિવારને આપીને ગયા છે. પૌત્રો- પૌત્રી અને દોહિત્રોને પણ જબરજસ્ત વારસો આપ્યો છે કે જેથી તેઓ મંડળ ચલાવે છે. નિયમિત પ્રાર્થના, પૂજા, સભા અને જ્યોતમાંથી આપેલી આજ્ઞાઓનું પાલન કરે છે.

ધર્મપત્ની માલતીબેન પણ એક દેવી જેવા છે કે જેને મન જ્યોતના સ્વરૂપો અને બેનોની સેવા એ જ એક લક્ષ્ય છે. હરિભક્તોનું પણ એટલું જ ધ્યાન રાખે.

ધન્ય છે આવા જબરજસ્ત આત્માને કે જેણે પોતાનું સમગ્ર જીવન પ્રભુમય, ભક્તિમય બનાવી ને પરિવારને પણ આધ્યાત્મિક પથ પર મૂક્યા છે. એવા જયચંદભાઈને અંતરથી વંદન છે. સમગ્ર પરિવારને પ.પૂ.પપ્પાજી, પ.પૂ.જસુબેન, પ.પૂ.દીદી, પ.પૂ. દેવીબેને ખૂબ બળ આપ્યું જ છે ને આપશે જ.

**★ લંડનના પૂ.મનસુખભાઈ કકૈયા તા.૧૧.૧૦.૨૧ના અક્ષરનિવાસી થયા છે.**

પૂ.મનસુખભાઈએ ઈ.સ.૧૯૮૦માં પ.પૂ.બેન પાસે વર્તમાન ધરાવી ગુરુ તરીકે સ્વીકાર્યા. તેઓને તેમ જ તેમના ધર્મપત્નીને ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેન વિશે ખૂબ જ ભાવ. તેઓને અંતરથી મનાઈ ગયું કે આજ મારા કલ્યાણદાતા છે. તેઓ અવારનવાર લંડન જ્યોતમાં સભામાં જતા. ભજન, મહાપૂજા અને સ્વાધ્યાય કરી ભક્તિમય જીવન જીવતાં. છેલ્લા બે વર્ષથી તેઓ બીમાર હતા. પણ ગુરુહરિ પપ્પાજીની મૂર્તિને પ્રત્યક્ષ માની વાતો કરતા.



સર્વોપરીભાવે પ્રત્યક્ષ ઉપાસના દઢ રાખી જીવન ધન્ય કર્યું એવા મનસુખભાઈને અંતરથી અંજલિ અર્પણ કરીએ છીએ. ગુરુહરિ પપ્પાજી અને પ.પૂ.બેન તેઓના આત્માને શાંતિ અર્પે ને એમના કુટુંબીજનોને ખૂબ બળ મળે તેવી પ્રાર્થના.

**★ લંડન - લેસ્ટરના નિષ્ઠાવાન મુક્તરાજ પૂ.નીરૂબેન ગજેન્દ્રભાઈ છત્રીસા તા.૧૨.૧૦.૨૦૨૧ના અક્ષરનિવાસી થયાં છે.**

આફ્રિકા- યુગાન્ડાના જીંજા ગામમાં તેમનો જન્મ થયો હતો. દિવ્ય બેન પણ ત્યારે જીંજામાં હતા ને તેમણે ઝભલુ પહેરાવ્યું હતું. ત્યારથી દિવ્ય બેનનો સંબંધ પામેલા. પછી તો સમય-સંજોગને લીધે પરિસ્થિતિ બદલાતી રહી ને ૧૯૭૮માં લેસ્ટરમાં પ.પૂ.બેનનો ફરીથી જોગ થયો. જીંજાથી બેનનો મહિમા તો હતો જ. તેથી બેન જીવમાં સોલીડ મનાઈ ગયા. એમાંય છત્રીશા સાહેબ મોમ્બાસામાં પ.પૂ.પપ્પાજીના હાથ નીચે ભણ્યા હતા. તેથી તેમને પણ સત્સંગનો મહિમા થઈ ગયો. ને સત્સંગમાં બંનેનો જીવનરથ સ્પીડમાં ચાલવા માંડ્યો.



નીરૂબેનને ડ્રાઈવીંગ સરસ આવડે તો શરૂઆતના વર્ષોમાં બેન જ્યારે જ્યારે લંડન પધારે ત્યારે પોતે ડ્રાઈવીંગની સેવા કરી બેનને રોજની ૧૪-૧૫ પધરામણી કરાવતાં.

ગુરુહરિ પપ્પાજી સાથે પણ તેમનો આગવો સંબંધ. તેમના હાથની મગની ખીચી સરસ થાય. સાથે ભાવસભર તંત્ર. તેથી પપ્પાજી જ્યારે જ્યારે લેસ્ટર પધારે ત્યારે તેમનો ભાવ ગ્રહણ કરવા અવશ્ય તેમના ઘરે પધારતાં.

કોઈપણ સ્વરૂપો પધારે તો તેમના માટે પણ એકસરખો ભાવ. તેવો જ સમગ્ર મંડળના મુક્તો માટે પણ તેટલો જ ભાવ તેમના વર્તનમાં જોવા મળતો.

તેઓ ખૂબ જ આનંદી, ઉત્સાહી ને રમૂજી. તેમના મુખ પર હંમેશા સ્મિત જ જોવા મળે. ને એમની પાસે જે કોઈ આવે તે પણ આનંદ સાથે લઈને જ જાય.

મુક્તોના ગુણ ગાવાનો પણ ખૂબ ઉત્સાહ. મંડળમાં કોઈપણ મુક્તનો જન્મદિવસ કે કંઈ શુભ અવસર હોય તો અવશ્ય કલગી લઈ જઈ ઉત્સાહથી સત્કારે. ભાવથી કોઈનો પણ મહિમા ગાઈ શકે. હંમેશા હરેક પ્રસંગને પોતે તો પોઝીટીવ લે પણ તેની પાસે જે આવે તેને પોઝીટીવ રાખે. તેથી સૌને સહજ તેમની યાદ આવે.

પ.પૂ.બેને તેમની જવાબદારી પૂ.રમીબેનને સોંપી હતી તો છેક સુધી વફાદારીપૂર્વક તેમનો સમાગમ કર્યો. આવા ગુરુહરિ પપ્પાજી, દિવ્ય બેનને સમર્પિતભાવે સેવનાર નીરૂબેને તેમની બે દીકરીઓને ભગવાન ભજવા આપી. પૂ.નીનાબેન, પૂ.રાજશ્રીબેન હાલ લંડન જ્યોતમાં ભગવાન ભજી રહ્યા છે. સાથે પૂ.મિલનભાઈ, પૂ.ઉર્વશીભાભીનું પણ આધ્યાત્મિક જતન કર્યું. છેલ્લા છ મહિનાથી નાનું-મોટું કંઈક થયા કરતું હતું. છેલ્લે હાર્ટ એટેક આવ્યો ત્યારે તેમને ઈમરજન્સીમાં હોસ્પિટલમાં લઈ જતા હતા તેવા સમયે પણ પપ્પાજી અને બેનને ભૂલ્યા નહીં. મૂર્તિ માંગી, સાથે લઈને ગયા. પણ ભગવાનને જે ગમ્યું તે ખરું. કોઈનીયે સેવા લીધા વગર ૮૩ વર્ષની ઉંમરે પપ્પાજી-બેનના ચરણોમાં બિરાજી ગયાં. આવા મહામુક્તરાજને અમ સૌના કોટિ કોટિ વંદન. નીરૂબેનના અચાનક ચાલ્યા જવાથી સૌ કુટુંબજનો, મિત્રમંડળને દુઃખ તો થવાનું પણ સર્વને તેમની ખોટ જીરવવાનું બળ મળે તેવી સ્વામીશ્રીજી, ગુરુહરિ પપ્પાજી, બેન તથા સૌ સ્વરૂપોના ચરણોમાં પ્રાર્થના.

સ્વામિશ્રીજી, ગુરુહરિ પપ્પાજી તથા સૌ સ્વરૂપો તેમના આત્માને શાંતિ અર્પે ને કુટુંબીજનોને બળ અર્પે એ જ પ્રાર્થના.

## નિર્ણય

★ એકાદશી :

આસો વદ-૧૧, સોમવાર, તા.૧.૧૧.૨૦૨૧

★ પ્રબોધિની એકાદશી, શાકોત્સવ :

કારતક સુદ-૧૧, સોમવાર, તા.૧૫.૧૧.૨૦૨૧

★ સંકલ્પ સ્મૃતિદિન અને દેવદિવાળી :

કારતક સુદ - ૧૫, તા.૧૯.૧૧.૨૦૨૧

To,

RNI NEW DELHI NO : 20485/71
PO REGD NO : G-AND-336/2019-21
Lic Valid Upto: 31.12.2021
DATE OF PUBLICATION :
21st of every month
DATE OF POSTING :
21st of every month
PLACE OF PUBLICATION (POSTED AT) :
Vallabh Vidyanagar MDG 388120

## દીપોત્સવી પર્વોની ઉજવણીનો કાર્યક્રમ

**ધનતેરશ :**

તા.૨.૧૧.૨૦૨૧, મંગળવાર, આસો વદ – ૧૨

ધનપૂજાનો સમય : સવારે ૯:૩૦ થી ૧૧:૩૦

**અક્ષરચૌદશ :**

તા.૩.૧૧.૨૦૨૧, બુધવાર, આસો વદ – ૧૪

**દિવાળી :**

તા.૪.૧૧.૨૦૨૧, ગુરુવાર, આસો વદ – ૩૦

દીપોત્સવીની સભા : સવારે ૧૦ થી ૧૨

શારદાપૂજન : સાંજે ૫ થી ૭:૩૦

**અન્નકૂટ ઉત્સવ, નૂતનવર્ષ :**

તા.૫.૧૧.૨૦૨૧, શુક્રવાર, કારતક સુદ – ૧, સંવત ૨૦૭૮ પ્રારંભ

નૂતન વર્ષ અને ભાઈબીજની મિલનસભા : સવારે ૮:૩૦ થી ૧૦:૩૦

અન્નકૂટ, થાળ, આરતી : સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦

**લાભપાંચમ :**

તા.૯.૧૧.૨૦૨૧, મંગળવાર, કારતક સુદ – ૫

આ કાર્યક્રમમાં જણાવેલી તારીખ મુજબ બધાં જ ઉત્સવો આપણે ઘરમંદિરે ઉજવીશું.
વિશેષમાં દીપોત્સવી, નૂતનવર્ષ – ભાઈબીજની મિલનસભામાં
ગુણાતીત જ્યોતની વેબસાઈટ www.gunatitjyot.org
પર લાઈવ દર્શનમાં જોડાઈ ભક્તિદર્શન માણીશું.

Editor, Proprietor, Publisher & Printer : Hemaben Bhatt
Publishing Place : Gunatit Jyot, Pappaji Marg, P.O.Box-23, Vallabh Vidyanagar-388120, Dist.Anand, Guajrat, India
Phone : (02692)230163, 236646, Website : www.gunatitjyot.org, E-mail: prakashan@gunatitjyot.org
Printing Place : Angatbhai J. Shah, Gujarat Press, Anand-388001, Gujarat, India